**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

**ઈ–દક્ષિણાયન**
**Dakshinayan e-Newsletter**
For Private Circulation Only

**Vol. 16, Issue. 270, February 2025**

**પ્રિય વાચક મિત્રો,**

## આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ

"ભાષા એ માત્ર શબ્દોનો સમૂહ નથી, તે એક સંસ્કૃતિ, એક ઓળખ અને એક વારસો છે." – મહાત્મા ગાંધી

માતૃભાષા કોઈપણ વ્યકિત માટે તેમની ઓળખ અને સંસ્કૃતિક વારસાનું એક મહત્વપૂર્ણ અંગ છે. આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. યુનેસ્કો દ્વારા ૧૯૯૯માં આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી અને ૨૦૦૦થી તેનું સત્તાવાર રીતે પાલન થવા લાગ્યું. યુનેસ્કોના એક અધિકૃત અહેવાલ અનુસાર, વિશ્વભરમાં લગભગ ૪૩% ભાષાઓ સંકટગ્રસ્ત ગણી શકાય તેવી સ્થિતિમાં છે, જે ભાષાના સંરક્ષણ માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂરીયાતને દર્શાવે છે.

યુનેસ્કો દ્વારા એ માટે એક અભ્યાસ હાથ ધરવામાં આવેલો એમાં સામે આવેલી માહિતી મુજબ સમગ્ર દુનિયામાં ૭૦૦૦ કરતા વધુ ભાષાઓ, જે બોલવા, લખવાં અને વાંચવા માટે વપરાતી હોય, એને ઓળખી કાઢવામાં આવી. એનો સાદો અર્થ એવો કરી શકાય કે, વિશ્વમાં હાલ અંદાજે ૭૦૦૦ કરતા વધું ભાષાઓ બોલાઈ રહી છે. એને બચાવવાના ભાગ રૂપે આપણે ૨૧મી ફેબ્રુઆરીને દર વર્ષે વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવીએ છીએ, આ દિવસનો મુખ્ય હેતુ વિશ્વભરના લોકોમાં ભાષાઓની વિવિધતા અને તેની સંભાળ માટે જાગૃતિ ફેલાવવાનો છે. ભાષાઓ માત્ર સંચારનું માધ્યમ જ નહી, પણ એક સંસ્કૃતિ અને વારસાનો મહત્વપૂર્ણ ભાગ છે.

આજે વિશ્વમાં ઘણી ભાષા લુપ્ત થવાના સંકટનો સામનો કરી રહી છે. તેવામાં શિક્ષણ અને સમાજમાં માતૃભાષાનાં વધુ ઉપયોગને પ્રોત્સાહિત કરવો જરૂરી બની જાય છે. ભવિષ્યમાં ભાષાઓને ટકાવી રાખવા માટે, નીતિગત પ્રયાસો, શિક્ષણ પ્રણાલીમાં સુધારા, અને સ્થાનિક ભાષાઓ માટે વૈશ્વિક સમર્થન અપાય તો તે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. માતૃભાષા વ્યકિતની ઓળખ અને સંસ્કૃતિની સાથે જ્ઞાન અને અભિવ્યકિતનું મહત્વપૂર્ણ માધ્યમ છે. એક વ્યકિત માટે માતૃભાષા તેના વિચારો અને લાગણીઓનું પ્રાથમિક માધ્યમ હોય છે. એક સર્વે અનુસાર, જે વિદ્યાર્થીઓ માતૃભાષામાં અભ્યાસ કરે છે, તેઓ અન્ય ભાષાઓમાં પણ વધુ સારી પ્રગતિ કરી શકે છે.

ભારત વિશ્વની સૌથી વધુ ભાષાઓ ધરાવતો બહુભાષી દેશ છે. અહી ૨૨ અનુમોદિત ભાષાઓ અને ૧૬૦૦થી વધુ સ્થાનિક બોલીઓ છે. (Census of India, 2011). ગુજરાતી ભાષા એ ભારતની મુખ્ય ભાષાઓમાંની એક છે, જેનો ઉદ્દભવ પ્રાચીન સંસ્કૃત ભાષામાંની થયો છે. ભારત સરકારની નેશનલ એજ્યુકેશન પૉલીસી ૨૦૨૦ (NEP 2020) પણ માતૃભાષા દ્વારા પ્રાથમિક શિક્ષણ આપવા માટે પ્રોત્સાહન આપે છે.

વૈજ્ઞાનિક અભિગમ માતૃભાષા વ્યકિતની માનસિક, સામાજિક અને શૈક્ષણિક પ્રગતિમાં મૂળભૂત ભૂમિકા ભજવે છે. કૉગ્નિટિવ ન્યુરોસાયન્સના સંશોધન અનુસાર, જે વિદ્યાર્થીઓ માતૃભાષામાં શિક્ષણ મેળવે છે, તેઓ ઉચ્ચ સ્તરે ચિંતન અને સમસ્યા હલ કરવાની ક્ષમતામાં સુધારો દર્શાવે છે. ઍકેડેમિક સ્ટડીઝ દર્શાવે છે કે, જે વિદ્યાર્થીઓ માતૃભાષાની મજબૂત પાયો ધરાવે છે, તેઓ અન્ય ભાષાઓ પણ સરળતાથી શીખી શકે છે.

બાળક માટે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં થવું વધુ અસરકારક છે. માતૃભાષા દ્વારા અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ વધુ ગહન સમજૂતી વિકસાવી શકે છે અને નવીન વિચારોએ ઝડપથી અપનાવી શકે છે. ભારતના વિવિધ રાજ્યોએ સ્થાનિક ભાષામાં શિક્ષણ પ્રદાન કરવા માટે વિવિધ નીતિઓ અમલમાં મૂકી છે, જેનો ગુજરાતી ભાષા પર પણ સકારાત્મક પ્રભાવ પડયો છે. ગુજરાતી ભાષા એ એક સમૃદ્ધ સાહિત્ય અને સંસ્કૃતિ ધરાવતી ભાષા છે. જો આપણે આ ભાષાને નવી પેઢી સુધી પહોંચાડવા ઇચ્છીએ, તો તેના ઉપયોગને પ્રોત્સાહિત કરવું જરૂરી છે. ગુજરાત સરકાર અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ગુજરાતી ભાષા માટે વિવિધ સંશોધન અને વિકાસ કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. માતૃભાષા અને આર્થિક વિકાસ શોધ દર્શાવે છે કે માતૃભાષા દ્વારા પ્રાથમિક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ વધુ ઊંડા જ્ઞાન અને વિચારશીલતા વિકસાવી શકે છે. માતૃભાષાની વાત આવે ત્યારે એટલું તો ચોક્કસ થવું જોઈએ કે, અંગ્રેજી મીડિયમમાં ભણતાં આપણાં બાળકોને ગુજરાતી પણ ખૂબ જ સારી રીતે શીખવવું જોઈએ. આમ કરવાથી ભાષાનો ભાવ અને આપણો ગુજરાતી વારસો બન્ને જળવાઈ રહેશે. પણ, આજકાલ દરેક મા–બાપ ઇચ્છે છે કે, પોતાનું સંતાન અંગ્રેજીમાં ભણે અને અંગ્રેજીમાં બોલે આ ઘેલછાને લીધે માતા–પિતા પોતાના સંતાનોને જાણ્યે અજાણ્યે ગુજરાતી ભાષાથી દૂર કરે છે. અંગ્રેજી આવડવું સારી વાત છે, પણ અંગ્રેજીની હોડમાં માતૃભાષા ન ભુલાય, એ ધ્યાન માતા–પિતાએ રાખવું જોઈએ.

"જો તમે તમારા મૂળ ભૂલી જશો, તો તમારું ભવિષ્ય અનિશ્ચિત બની જશે." – રવીન્દ્રનાથ ટાગોર

**તા. ૧ માર્ચ, ૨૦૨૫** **(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### રોડ સેફટી મંથના સમાપન સમારોહમાં વિશ્વવિદ્યાલયના લોક જાગૃતિ કાર્યક્રમની વિશેષ નોંધ લેવાઈ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા રોડ સેફટી મંથની ઉજવણીના ભાગરૂપે દિનાંક ૨૧/૦૧/૨૦૨૫ના રોજ રોડ સેફટી અને ટ્રાફિકના નિયમો માટેના લોક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કૃતિઓ થકી રોડ સેફટી અને ટ્રાફિકના નિયમોની જાણકારી આપવામાં આવેલ હતી. નૃત્ય, નાટય અને સંગીતનાં ત્રિવેણી સંગમ થકી રસપ્રદ રીતે લોકોને જાગૃત કરવામાં આવેલ હતા. જેમાં રોડ સેફટી મંથના સમાપન સમારોહમાં વિશ્વવિદ્યાલયના લોક જાગૃતિ કાર્યક્રમની વિશેષ નોંધ લઈ સુરત પોલીસ કમિશ્નરશ્રી શ્રી અનુપમસિંહ ગહલૌતજી દ્વારા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના શ્રી ચિરાગ સોલંકીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તબક્કે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે વિશ્વવિદ્યાલય પરિસર ખાતે હેલ્મેટ અને સીટ બેલ્ટ પહેરવાનો આગ્રહ પાછલા બે મહિનાથી ચાલી રહેલ છે. જે આવનાર સમયમાં પણ ચાલું રહેશે. વિશ્વવિદ્યાલય પરિસરમાં ૧૦૦ ટકા લોકો હેલમેટ અને સીટ બેલ્ટ પહેરે તેવી આશા વ્યકત કરી હતી.

### વડીલ વંદના કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષના ઉજવણીના ભાગ રૂપે વિશ્વવિદ્યાલયના કાર્યાલયના તમામ વહીવટી વિભાગના નિવૃત થયેલ કાયમી વહીવટી અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ માટે વડીલ વંદના કાર્યક્રમનું આયોજન તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયના સેમિનાર હોલ ખાતે રાખવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત દિવ્ય દીપ પ્રજ્વલનથી થઈ હતી. આ કાર્યક્રમના તમામ નિવૃત તેમજ હાલ કાર્યરત કાયમી વહીવટી અધિકારીશ્રોઓ અને કર્મચારીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. ત્યારબાદ, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ વડીલોનાં માર્ગદર્શન અને અનુભવનું મહત્ત્વ ઉજાગર કરતા વકતવ્ય આપ્યું. તેમણે જણાવ્યું કે યુવા પેઢી માટે વડીલોના અનુભવ અને શિક્ષણ અમૂલ્ય સંપત્તિ છે. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ પણ વડીલોને સન્માન આપવા માટે યુનિવસિર્ટી દ્વારા આ પ્રકારના પ્રોગ્રામોના મહત્ત્વને રેખાંકિત કર્યું હતું. કાર્યક્રમનાં નિવૃત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ દ્વારા પણ પોતાના પ્રતિભાવો વ્યકત કરેલ હતા. ત્યારબાદ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી રમેશદાન ગઢવી તેમજ વહીવટી કર્મચારી મંડળના પ્રમુખશ્રી અશ્વિનભાઈ શંકર દ્વારા તમામ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

























## स्वावलंबी भारत अभियान और उसमे हमारी भूमिका': એક દિવસીય સેમિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને સ્વાવલંબી ભારત અભિયાનના સંયુકત ઉપક્રમે તા. ૬/૨/૨૦૨૫ના રોજ 'स्वावलंबी भारत अभियान और उसमे हमारी भूमिका' વિષય પર એક દિવસીય સેશનનું આયોજન કમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ સત્રમાં વિશ્વવિદ્યાલયનાં વિવિધ વિભાગનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ સેમિનારનો મુખ્ય હેતુ ભારતીય સમાજમાં આત્મનિર્ભરતાનું મહત્ત્વ સમજાવવાનું અને આ અભિયાનમાં દરેક નાગરિકની જવાબદારી અને યોગદાનમાં ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું.

કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે સ્વદેશી જાગરણ મંચનાં રાષ્ટ્રીય સંયોજક શ્રી સુંદરમ આર. ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સુંદરમ આર.એ આત્મનિર્ભર

ભારત નિર્માણમાં સરકારની યોજનાઓ અને નીતિઓ વિશે વિસ્તૃત માહિતી આપી. સાથે જ આ પણ સમજાવ્યું કે કેવી રીતે નાના અને માધ્યમ વ્યવસાયો દ્વારા દેશમાં આત્મનિર્ભરતા લાવવામાં આવી શકે છે. તેઓએ આત્મર્નિભરતાના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી, જેમાં કૃષિ ઉદ્યોગ, ડિજીટલાઈઝેશન, શિક્ષણ અને આરોગ્ય જેવાં મહત્વનાં ક્ષેત્રોનો સમાવેશ થયો હતો. તેમણે આ પણ કહ્યું કે ભારતને આત્મર્નિભર બનાવા માટે સ્થાનિક ઉત્પાદનો અને સેવાઓને પ્રોત્સાહન આપવું ખૂબ જ જરૂરી છે. તેમણે ચર્ચા દરમિયાન તેમના વિચારો વ્યકત કર્યા અને સમજાવ્યું કે કેવી રીતે દરેક નાગરિક નાનો વ્યાવસાયિક હોય કે મોટો ઉદ્યોગપતિ, સ્વાવલંબિ ભારત અભિયાનમાં યોગદાન આપી શકે છે.

આ કાર્યક્રમમાં સ્વદેશી જાગરણ મંચના પશ્ચિમ ક્ષેત્ર સંગઠક શ્રી મનોહરલાલ અગ્રવાલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આપણે સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરીને આપણે લોકલ ઉદ્યોગોને પ્રોત્સાહન આપી શકીએ છીએ, અને આ રીતે પરદેશી પરિભાવને ઘટાડીને દેશના અર્થતંત્રને મજબૂત બનાવી શકાય છે. સ્વદેશી વસ્તુઓના ઉપયોગથી દેશની પરંપરાઓ અને સંસ્કૃતિને સંવર્ધિત કરવામાં પણ મદદ મળી રહે. તેમજ દેશમાં રોજગારીની તક વધી શકે છે, સ્થાનિક ઉદ્યોગોને ટકાઉ બનાવવામાં મદદ મળે છે અને આથી સમૃદ્ધ અને સ્વતંત્ર ભારતનું સ્વપ્ન સાકાર થવા માટે લોકો પ્રેરિત થાય છે. આ બેઠકમાં યુવા દિવસની ઉજવણીથી આરંભ કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર અભિયાન વિશે પણ માહિતી આપવામાં આવી. આ અભિયાનના દ્વારા નાગરિકોને સ્વાવલંબી ભારતના ધ્યેય માટે ડિજિટલ પંથ પર શ્રેષ્ઠ માર્ગદર્શિકા પ્રદાન કરવામાં આવશે.

તા. ૦૬/૦૨/૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતે 'સ્વાવલંબી પરિચય વર્ગ'નું આયોજન પણ કરવામાં આવેલ હતું. વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો ખૂબ મોટી સંખ્યામાં આ સત્રમાં જોડાયા હતા. સદર કાર્યક્રમમાં વકતા તરીકે સ્વદેશી જાગરણ મંચનાં રાષ્ટ્રીય સંયોજક શ્રી સુંદરમ આર. પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, આજે ભારતના યુવાનોએ નોકરી લેનાર નહી પરંતુ નોકરી આપનાર બનવાની જરૂર છે. ભારતના અર્થતંત્રને વધુ મજબુત કરવા માટે સ્વદેશી વસ્તુ અપનાવો અને સ્વદેશી વસ્તુઓનો પ્રચાર પ્રસાર કરી લોકજાગૃતિ ફેલાવા જણાવ્યું હતું. આ સત્રમાં પશ્ચિમ ક્ષેત્ર સંગઢક શ્રી મનોહરલાલ અગ્રવાલ, ડૉ. જયેશભાઈ સુરત મહાનગર સંયોજક અને ડૉ. શ્રી જયસુખભાઈ સુરત મહાનગર સર સંયોજક, શ્રી રાજેન્દ્રભાઈ પોલર સુરત મહાનગર સહ સંયોજક અને ડૉ. ટિંવકલ આર. સિંહ સુરત મહાનગર મહિલા કાર્ય પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગનાશ્રી ચિરાગ સોલંકીને સ્વદેશી જાગરણ મંચ, સુરત મહાનગર યુવા સંયોજક અને શ્રી નિલય પુરાણીકને સ્વદેશી જાગરણ મંચ, સુરત મહાનગર પ્રચાર પ્રમુખનું દાયિત્વ આપવામાં આવ્યું. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ સદર નિમણૂકને વધાવી અને ખુશી વ્યકત કરી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ જણાવ્યું હતું કે સ્વદેશી વસ્તુઓને ઘર ઘર સુધી પહોંચાડવાની દરેકે પોતાની જવાબદારી સમજી સ્વદેશીનો પ્રચાર પ્રસાર કરવો પડશે અને સાથે ઉમેર્યુ કે નાના વેપારીઓ પાસેથી ખરીદી કરવી જોઈએ. જેથી તેઓ પણ પોતાના ઘરને ચલાવી શકે અને ભારત સરકારના લોકલ ફોર વોકલના નારાને પ્રત્યેક નાગરિકે બુલંદ કરવો જોઈએ.






## દિવ્યાંગો માટે જાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના IAS/IPS અને અન્ય સરકારી પરીક્ષાઓ માટેના પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા આવનારાં વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા થનાર ૨૧,૦૦૦ થી વધુ દિવ્યાંગોની ભરતી બાબતે દિવ્યાંગો માટે જાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત સરકારના દિવ્યાંગ બાબતોના કમિશનર શ્રી વિષ્ણુકુમાર જે રાજપુત ઓનલાઈન જોડાયા હતા અને માર્ગદર્શન આપી પ્રશ્નોનું નિરાકરણ પણ આપ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ઓનલાઈન હાજર રહી શુભાશિષ પાઠવ્યા અને દિવ્યાંગ ઉમેદવારોને હંમેશા ઉન્નતિશીલ અને આત્મનિર્ભર બનવા માટે પ્રોત્સાહન આપ્યું. વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. પરેશ જોશીએ મહેમાનોનું સ્વાગત તેમજ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમના પ્રેરણા પુષ્પો સમાન દિવ્યાંગ અધિકારીઓ હાજર રહી માર્ગદર્શન તેમજ પ્રેરણા આપી હતી. જેમાં શ્રીમતી વૃંદા બિસ્કીટવાલા, ડૉ. હેતલ રામાણી, શ્રી ભરત સવાણી, શ્રીમતી મધુબેન સવાણી, શ્રી કાળુભાઈ પરમાર વગેરે હતા. સમગ્ર કાર્યક્રમ ઇન્ચાર્જ કુલસચિવશ્રી નરેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક સંપન્ન થયો.






### ત્રીજી રાષ્ટ્રીય પર્યાવરણ યુવા સંસદમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ

પર્યાવરણ સંરક્ષણ ગતિ વિધિ, સ્ટુડન્ટ્સ ફોર ડેવલોપમેન્ટ અને કોમનવેલ્થ પર્લિયામેન્ટ્રી એસોસિએશન સંયુકત રીતે રાજસ્થાન વિધાનસભા ખાતે ત્રીજી રાષ્ટ્રીય પર્યાવરણ યુવા સંસદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ સંસદમાં ભાગ લેવા માટે સમગ્ર દેશમાંથી ૪૦,૦૦૦ થી વધુ યુવા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને ત્યારબાદ વિશ્વવિદ્યાલય કક્ષાએ અને રાજ્યકક્ષાએ પસંદગી બાદ સમગ્ર દેશમાંથી ૨૨૦ પર્યાવરણીય પ્રેમી યુવા પ્રતિનિધિઓને તારવવામાં આવ્યા હતા. આ સંસદમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની વિદ્યાર્થીની પ્રિયંકા ભદોરીયા (2nd Year, Bio-Technology)એ કેન્દ્રીય મંત્રી અને વિદ્યાર્થી ઈશાન અગ્રવાલ (2nd Year, MA Economics & Political Science)એ સંસદ સભ્ય તરીકે રાષ્ટ્રીય સ્તરે વિશ્વવિદ્યાલય અને ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યુ. વિશ્વવિદ્યાલયની વિદ્યાર્થીની રવિના રાજપુરોહિત (2nd Year, M.A.English)એ ઉત્કૃષ્ટ અને નિષ્પક્ષ રીતે કાર્યક્રમના કૉ–ઓર્ડિનેટર તરીકેની ભૂમિકા ભજવી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ભારતનું ભવિષ્ય અને આજની યુવા પેઢીને પર્યાવરણ સંબંધિત વર્તમાન સમસ્યાઓ અને ભાવિ સમાધાનો સાથે પરિચિત કરાવી પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય વિદ્યાર્થીઓમાં દેશ પ્રત્યે સમર્પણની વિભાવના જીવંત રાખવા માટે નિતનવા પ્રયત્નો હાથ ધરતી રહે છે અને પર્યાવરણ પ્રત્યે વિદ્યાર્થીઓને વિશેષ પ્રોત્સાહિત કરી રહી છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક અટકાવવા માટે જનજાગૃતિ, વિશ્વવિદ્યાલયની ૭ એકર જમીન પર જાપાની મિયાવકી પધ્ધતીથી ૨૧૫૦૦ નવીન વૃક્ષારોપણ, ગૌસેવાથી સમાજ સેવા જેવી વિવિધ રાષ્ટ્ર હિતકારી પ્રવૃતિઓ કરવા અને વિદ્યાર્થીઓને દરેક ક્ષેત્રમાં જરૂરી માર્ગદર્શન અને અતૂટ સહાય આપવા વિશ્વવિદ્યાલય હર હંમેશ તત્પર રહે છે. આ તમામ વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.










### વર્તમાન પરિપ્રેક્ષ્યમાં આપણું બંધારણ વિષય પર એક દિવસીય સેમિનાર

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તેમજ કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને સામાજિક સમરસતા મંચના સંયુકત ઉપક્રમે તા. ૨૦/૦૨/૨૦૨૫ના રોજ 'વર્તમાન પરિપ્રેક્ષ્યમાં આપણું બંધારણ' વિષય પર એક દિવસીય સેશનનું આયોજન માનવ સંસાધન વિભાગ (HRD)ના સેમિનાર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયનાં વિવિધ વિભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ખૂબ મોટી સંખ્યામાં આ સત્રમાં જોડાયા હતા. આ સેશનનો મુખ્ય હેતુ વર્તમાન પરિપ્રેક્ષ્યમાં આપણું બંધારણ અને ભારતીય સમાજમાં બંધારણના હકોનું મહત્ત્વ સમજાવવાનું

અને દરેક નાગરિકની જવાબદારી અને યોગદાન પર ધ્યાન કેન્દ્રીત કરવાનું હતું.

આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે અધ્યક્ષઃ હિન્દુસ્તાન પ્રકાશન સંસ્થા (મુંબઈ), સહસ્થાપકઃ સામાજિક સમરસ્તા મંચ, વિચરતી જાતિ વિકાસ પરિષદ, સમરસતા સાહિત્ય પરિષદ, સમરસતા અધ્યયન કેન્દ્ર, વિવેક વ્યાસપીઠ લેખક, વિચારક, સામાજિક કાર્યકર પદ્મશ્રી રમેશ રઘુનાથ પતંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પદ્મશ્રી રમેશ રઘુનાથ પતંગે ભારતીય બંધારણની મહત્તા, તેની વિવિધતા, ગતિશીલતા અને આજના સમયમાં તેની ભૂમિકા વિશે વ્યાખ્યાન આપ્યું હતું. આ સાથે, તેઓ બંધારણના સત્ય, સમતોલ અને લોકશાહી સિદ્ધાંતો પર ચકાસણી અને તેની સંવેદનશીલતા તેમજ વાસ્તવિક ઉપયોગિતા વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. વિશ્વની સૌથી મોટી લોકશાહીઓમાં એક ભારતની લોકશાહી બંધારણના મજબૂત પાયા પર નિર્ભર છે. આ સંદર્ભમાં 'બંધારણના ૭૫ વર્ષ' એક મહત્ત્વપૂર્ણ તબક્કો છે, જ્યાં આપણે પાછા જોઈને સિદ્ધિઓ, પડકારો અને ભવિષ્યની દિશા વિશે મંથન કરી શકીએ. સેમિનારમાં બંધારણના વિવિધ પાસાઓ જેમ કે પીડિત ન્યાય, સત્તા વિતરણ, સ્વતંત્રતા અને જવાબદારી, નાગરિક અધિકાર અને કર્તવ્ય, અને આધુનિક યુગમાં બંધારણની સ્થિતિ જેવી બાબતો પર ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓ, સંશોધકો, કાયદા નિષ્ણાંતો, અધ્યાપકો અને સામાન્ય નાગરિકો માટે આ સેમિનાર એક ઉત્તમ તક મળી હતી, જ્યાં તેઓ બંધારણની સમજ વધારી અને તેમાં આપેલા અધિકારો તથા કર્તવ્યોને વધુ સારી રીતે સમજી શકયા હતા. આવનારા દાયકાઓમાં ભારતનું બંધારણ કેવી રીતે વિકાસ પામશે, તે અંગે ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓ બંધારણની તુલનાત્મક સમજ મેળવી શકયા અને વર્તમાન પરિસ્થિતિમાં તેનું મહત્ત્વ સમજી શકયા હતા. કાર્યક્રમના અંતમાં વિશ્વવિદ્યાલયમાં વિવિધ વિભાગોનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા પ્રશ્નોતરી કરવામાં આવી હતી.









## વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

વિશ્વમાતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને તુલનાત્મક સાહિત્ય વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સંયુકત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત માતૃભાષા મહોત્સવ ૨૦૨૫નું આયોજન તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ હતા, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને અતિથિ વિશેષ હતા વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી કાર્યક્રમમાં નિમંત્રક હતા, તુલનાત્મક સાહિત્ય વિભાગના વડાશ્રી ડૉ. ભરત ઠાકોર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ. જ્યારે વકતાઓ હતા પ્રસિદ્ધ વાર્તાકાર, કવયિત્રી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પન્ના ત્રિવેદી અને વ્યારા કૉલેજના પ્રાધ્યાપક પ્રોફેસર વસંત ગામીત. આ સમગ્ર કાર્યક્રમ ડૉ. ભરત ઠાકોરના માર્ગદર્શનમાં યોજાયો હતો.

કાર્યક્રમના આરંભે ડૉ. ભરત ઠાકોરે કાર્યક્રમને અનુરૂપ પૂર્વ ભૂમિકા બાંધી આપી હતી અને કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને શાબ્દિક આવકાર આપ્યો હતો. ડૉ. ઠાકોરે તેમના પ્રવચનમાં વિશ્વ માતૃભાષા દિવસ ઉજવણી અને તેનાં કારણોની ટૂંકી જાણકારી આપી હતી. જેમાં તેમણે વિશ્વમાં ૭૦૦૦થી વધુ ભાષાઓ, ભાષાઓની લુપ્તતા, ભાષાકીય અને સંસ્કૃતિક વૈવિધ્યતાની જાળવણી, શિક્ષણમાં માતૃભાષાની ભૂમિકા, બાંગ્લાદેશ (તત્કાલીન પૂર્વ પાકિસ્તાન)માં ભાષા આંદોલન દરમિયાન ૧૯૫૨માં શહીદ થયેલા વિદ્યાર્થીઓની યાદમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી જેવી મહત્ત્વપૂર્ણ બાબતો પર વિચાર વ્યકત કર્યા હતા. ત્યારબાદ આ કાર્યક્રમના

વક્તાઓ પૈકી ડૉ. પન્નાબેન ત્રિવેદીએ વિષયને અનુરૂપ વિચારો વ્યક્ત કર્યા હતા. જેમાં તેમણે માનવજીવનમાં ભાષાનું મહત્ત્વ, ભાષાની વિશેષતાઓ, ભાષામાં લુપ્ત થતા જતા શબ્દો, પરભાષાથી લોકો સાથેની વાતચીતમાં તેમની ભાષામાં વાત કરવી જેવી મહત્ત્વપૂર્ણ બાબતો પર વિચાર વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમના બીજા વક્તા પ્રોફેસર વસંત ગામિતે ભાષાઓ અને લોકબોલીઓની પરંપરા વિશે વાત કરી હતી. કાર્યક્રમના અંતે ડૉ. ભરત ઠાકોરે આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.










## ૨ દિવસીય મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૨૫નું ભવ્ય આયોજન








શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય અને કેસીજી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સહયોગથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે તારીખ ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન બે દિવસીય મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૨૫નું આયોજન નોડલ સંસ્થા ડૉ. એસ. એન્ડ એસ.એસ.ગાંધી કૉલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટૅકનોલોજી (ડિપ્લોમાં) સંસ્થા દ્વારા કર્યું હતું. જેમાં સુરત શહેર અને સુરતના આસપાસના વિસ્તારની અંદાજીત ૧૦૦ જેટલી ઈન્ડસ્ટ્રીઝ તથા સરકારી અને ગ્રાન્ટ ઇન એડ કૉલેજોના એન્જિનીયરીંગ, વિજ્ઞાન, કોમર્સ, આર્ટ્સ, હોમ-સાયન્સ વગેરે વિદ્યાશાખાના છેલ્લા વર્ષમાં ભણતા ૬૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૨૫ માટે નોંધણી કરવામાં આવી હતી.

જેમાં તા. ૨૪/૨/૨૦૨૫ના પ્રથમ દિવસે ૫૨ (બાવન) ઈન્ડસ્ટ્રીઝ અને તા. ૨૫/૦૨/૨૦૨૫ના બીજા દિવસે ૩૮ જેટલી ઈન્ડસ્ટ્રીઝ હાજર રહી હતી. તેમજ જુદી જુદી ૪૩ સરકારી અને ગ્રાન્ટ-ઇન -એડ કૉલેજના આશરે ૧૮૦૦ થી

વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતા. ૨ દિવસ મળીને કુલ ૨૧૦૦થી વધુ ઇન્ટરવ્યુ થયેલ હતા અને બન્ને દિવસના મળીને કુલ ૨૦૨૭ લેટર ઓફ ઇન્ટેન્ટ વિવિધ કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓને ફાળવવામાં આવેલ હતા.

આ કાર્યક્રમમાં કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, ઝોન–૪ના ઝોનલ ઓફિસર ડૉ. બી.એચ.પરમાર, સબ ઝોનલ ઑફિસર ડૉ. કે.ડી.પંચાલ, ઝોન–૪, નોડ–૧ અને નોડ–૫ના નોડલ ઑફિસર શ્રીમતી બી.એચ.ગોયલ દ્વારા પ્લેસમેન્ટ કેમ્પ–૨૦૨૫નું સુચારું અને સફળ આયોજન કરેલ હતું. શ્રી શૈનક દેસાઈ, વાઈસ પ્રેસિડેન્ટ એચઆર, જય ભગવાન ગ્રુપ ઓફ ઓર્ગેનાઈઝેશન તથા રોયલ સ્ટફિંગ સર્વિસીસના ચેરમેનશ્રી રાજુ રાય વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ વિવિધ કંપનીના પ્રતિનિધીઓએ આ પ્લેસમેન્ટ કેમ્પને સફળ બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

## એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થીઓ માટે ૩૦ કલાકના 'સોફ્ટ સ્કિલ્સ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ' સર્ટિફિકેટ કોર્સનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના સાથ સહકારથી સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા MSW પ્રોગ્રામ દ્વારા અંબુજા ફાઉન્ડેશનના SEDI, સુરતના સહયોગથી ૩૦ કલાકના 'સોફ્ટ સ્કિલ્સ અને પર્સનાલિટી ડેવલોપમેન્ટ' સર્ટિફિકેટ કોર્સનો ઉદ્ઘાટન સમારંભ તા. ૨૩/૦૨/૨૦૨૫ના રોજ આયોજીત કરવામાં આવ્યો હતો. વિશિષ્ટ ઉપસ્થિતિમાં શ્રીમતી દિવ્યા રાણા (સોફ્ટ સ્કીલ્સ ટ્રેનર, સેડી, સુરત) શ્રી ગૌરવ ચોટિયા (સીનીયર ઓફિસર, કોમ્યુનીટી મોબીલાઈઝર, સેડી સુરત) ડૉ. અરૂણ પંડયા (એસોસિએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ) કોર્સ કૉ–ઓર્ડિનેટરશ્રી નવીનકુમાર રોહિત, MSW પ્રોગ્રામના અધ્યાપક ડૉ. બહાદુરસિંહ વસાવા તથા વિભાગના અન્ય અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆમાં ડૉ. અરૂણ પંડયા દ્વારા પ્રાસંગિક ઉદબોધન આપવામાં આવ્યું હતું. સર્ટિફિકેટ કોર્સમાં ૩૦ કલાકની તાલીમ દરમિયાન એમ.એસ. ડબલ્યુ સેમેસ્ટર–૪ના ભાગ લેનાર કુલ ૪૫ વિદ્યાર્થીઓને સોફ્ટ સ્કિલ્સ અને વ્યકિતત્વ વિકાસના પાઠ વિવિધ પ્રવૃત્તિઓ થકી શીખવવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સર્ટિફિકેટ કોર્સના કૉ–ઓર્ડિનેટર શ્રી નવીનકુમાર રોહિત દ્વારા અંબુજા ફાઉન્ડેશન સાથેની ચર્ચાઓથી લઈને કોર્સના આયોજન સુધી મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. તેઓએ જણાવ્યું કે, 'આ ૩૦ કલાકની તાલીમ દ્વારા વિદ્યાર્થીઓ તેમના વ્યકિતત્વ અને કાર્યક્ષમતામાં મહત્ત્વપૂર્ણ સુધારો કરી શકશે, જે વિદ્યાર્થીઓને આજના સ્પર્ધાત્મક યુગમાં રોજગારીની ઉચ્ચ તકો પ્રાપ્ત કરવામાં મદદરૂપ નિવડશે.' આ પ્રસંગે પોતાની ઉપસ્થિતિમાં MSW પ્રોગ્રામના સંયોજક અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ દ્વારા વિદ્યાર્થીઓને જણાવ્યું કે, 'આ ૩૦ કલાકનો કોર્સ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક દુનિયામાં વધુ સક્ષમ બનવા માટે ઉપયોગી સાબિત થશે.' કાર્યક્રમના અંતમાં MSW પ્રોગ્રામના અધ્યાપક શ્રીમતી પ્રિયંકા પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## વિશ્વવિદ્યાલય માટે ગૌરવમય ક્ષણ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની ક્રિકેટ ટીમના બે ખેલાડીઓ વિઝી ટ્રોફીના કોચિંગ કેમ્પ માટે પસંદગી પામ્યા છે. વિઝી ટ્રોફી એ બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયાના નેજા હેઠળ રમાડવામાં આવે છે. જેમાં ખેલાડીઓની પસંદગી વેસ્ટ ઝોન આંતર વિશ્વવિદ્યાલય પ્રતિયોગિતામાં ખેલાડીઓનાં પ્રદર્શનને ધ્યાનમાં લઈને કરવામાં આવે છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ક્રિકેટ ભાઈઓની ટીમ સાઉથ વેસ્ટ ઝોન આંતર વિશ્વવિદ્યાલય પ્રતિયોગિતા ૨૦૨૪–૨૫ માટે જય મિનેશ આદિવાસી વિશ્વવિદ્યાલય, કોટ ખાતે રમવા ગઈ હતી, જ્યાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તેમજ ગોવા જેવા રાજ્યોની કુલ ૧૧૮ વિશ્વવિદ્યાલયની ટીમોએ ભાગ લીધો હતો. આ સાઉથ વેસ્ટ ઝોન આંતર વિશ્વવિદ્યાલય પ્રતિયોગિતામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ક્રિકેટ ભાઈઓની ટીમના બે ખેલાડીઓ ૧. પટેલ સ્મિત (શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ) અને ૨. જીવાણી સુજલ (એમ.આર.ડી. આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, ચીખલી) વિઝી ટ્રોફીના કોચિંગ કેમ્પ માટે પસંદગી પામ્યા છે. આ બંને ખેલાડીઓને વિઝી ટ્રોફીમાં સિલેકસન થવા બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઇ.ચા.નિયામકશ્રી ડૉ. યોગેશ વાસિયા દ્વારા શુભેચ્છા પાઠવી હતી. ક્રિકેટ ભાઈઓની ટીમ કોચ તરીકે વિશ્વવિદ્યાલય ક્રિકેટ કોચ શ્રી કેતન પટેલે સેવા આપી હતી.

## Department of Comparative Litrature

### વસંત પંચમીની પૂજાનું આયોજન







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગમાં તા. ૦૧/૦૨/૨૦૨૫ના રોજ માતા સરસ્વતીનો જન્મોત્સવ એટલે કે વસંતપંચમીની પૂજા અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રેરણાસ્ત્રોત રહ્યા હતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા તુલનાત્મક, હિન્દી અને સંસ્કૃત વિષયના તમામ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી માતા સરસ્વતીની પૂજા, વંદના અને આરતી કરી હતી. સમગ્ર કાર્યક્રમ તુલનાત્મક સાહિત્ય વિભાગના સંયોજક ડૉ. ભરતભાઈ ઠાકોરના નિર્દેશનમાં સંપન્ન થયો હતો. ભારતીય સંસ્કૃતિમાં વિદ્યા અને જ્ઞાનની દેવીના રૂપમાં મા સરસ્વતીનો મહિમા અપરંપાર છે. વસંત પંચમીની સાથે સાથે વસંત ઋતુનો આરંભ પણ થતો હોય છે.

ભારતીય શાસ્ત્રીય પરંપરામાં સરસ્વતી માતા વિશે ઘણાં બધાં આખ્યાનો મળી આવે છે. વસંત ઋતુ અને વસંત પંચમીનો સંગમ એ પ્રકૃતિ અને વિદ્યાનો સંગમ કહેવાય છે. વસંત પંચમી પર્વ મનાવવા માટે શાસ્ત્રોમાં એવા ઉલ્લેખ મળે છે કે વસંત પંચમીના દિવસે બ્રહ્માના માનસમાંથી મા સરસ્વતી અવતરેલા. એ સમયે તેમનો રંગ ચંદ્રમા, વસંત ફૂલ અને તુષાર જેવો હતો. સૌ પ્રથમ સરસ્વતી માતાની પૂજા શ્રી કૃષ્ણએ કરી હતી. સરસ્વતીએ પોતાના કામ સ્વરૂપથી શ્રી કૃષ્ણને મોહિત કર્યા. શ્રી કૃષ્ણ સર્વજ્ઞ હોવાથી સરસ્વતીની ઈચ્છા જાણી ગયા. ભગવાનશ્રી કૃષ્ણ બોલ્યા મારા અંશથી ઉત્પન્ન થશો. મારાજ સ્વરૂપ નારાયણની સેવા કરશો. મહાસુદ પાંચમ વસંત પંચમીના દિવસે વિદ્યારંભ કરવા માટે પંડીતો, વિદ્યાર્થીઓ તમારી વિશેષ પૂજા આરાધના કરીને કૃપા પ્રાપ્ત કરશે. ત્યારથી દેવતાગણ–મૂનિઓ–સનકાદિક, માનવો, વસંત પંચમીએ સરસ્વતી માતાની પૂજા કરવા લાગ્યા.

જ્યોતિષશાસ્ત્ર અનુસાર વિદ્યાનો કારક ગુરુ છે અને તે પીળા રંગથી પ્રસન્ન થાય છે. તેથી માતા સરસ્વતીની પૂજા પીળા વસ્ત્રો પહેરીને કરવામાં આવતી હોય છે. પીળા ફૂલો, પીળા રંગનો કેસરવાળો પ્રસાદ દેવીને ધરાવવામાં આવતો હોય છે. આખા વર્ષના ખાસ મુહૂર્તોમાં વસંતપંચમી સર્વ સમયનું મુહૂર્ત માનવામાં આવે છે. આ મુહૂર્તોમાં સર્વ શુભ કાર્યો પંચાંગ જોયા વિના કરી શકાય છે.

ઋતુકાળ મુજબ વસંત પ્રવૃત થાય છે. આ ઋતુમાં રંગબેરંગી વૈવિધ્યપૂર્ણ ફૂલો જોવા મળતા હોય છે. સુકોમળ ઠંડીથી મન ખુશ રહે છે. ભગવાન શ્રી કૃષ્ણએ પોતાને ઋતુઓમાં વસંત ગણાવીને તેનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું છે.

વાલ્મીકિ રામાયણના ઉત્તરખંડમાં સરસ્વતીએ પોતાના ચાતુર્યથી રાક્ષસરાજ કુંભકર્ણથી દેવોને બચાવ્યા હોવાનું આખ્યાન આવે છે. તેમની એક કથા વાલ્મીકિ રામાયણના ઉત્તરખંડમાં આવે છે.

માતા સરસ્વતીનું વરદાન પ્રાપ્ત કરવા માટે કુંભકર્ણે દસ હજાર વર્ષ સુધી ગોર્વણમાં કર્યું હતું. જ્યારે બ્રહ્મા પ્રસન્ન થઈને તેમને વરદાન આપવા લાગ્યા ત્યારે દેવોએ તેમને વિનંતી કરી કે આ દાનવ છે અને વરદાન મેળવ્યાં બાદ તે વધારે ઉન્મત્ત થઈ જશે. ત્યારે બ્રહ્માએ સરસ્વતીનું સ્મરણ કર્યુ. સરસ્વતી રાક્ષસની જીભ પર સવાર થઈ ગયાં. સરસ્વતીના પ્રભાવથી કુંભકર્ણે કહ્યું કે હું વર્ષો સુધી સુતો રહું તેવી મારી ઈચ્છા છે. આમ દેવોને બચાવવાથી સરસ્વતી વધારે પૂજ્ય બન્યા. મધ્યપ્રદેશમાં મહેરની અંદર આલ્હા દ્વારા બનાવેલ સરસ્વતી દેવીનું પ્રાચીન મંદિર આવેલું છે. એક લોકવાયકા અનુસાર પ્રાચીનકાળમાં ગુરૂના શાપથી યાજ્ઞવલ્કય મુનિની વિદ્યા નષ્ટ થઈ ગઈ હતી. તેમણે સરસ્વતીની પૂજા કરી. ત્યારબાદ સરસ્વતીની કૃપાથી તેમની યાદશકિત પાછી આવી હતી. વસંત પંચમીના દિવસે ઋષિએ પોતાની વિદ્યા પાછી મેળવી હતી. આપણા પૌરાણિક ગ્રંથોમાં વાગ્દેવી સરસ્વતીના શાસ્ત્રોકત રૂપ–સ્વરૂપોનું વિશાળ વર્ણન મળે છે. ઋગ્વેદમાં વિદ્યાની દેવીને એક પવિત્ર સરિતના રૂપમાં વર્ણિત કરવામાં આવી છે. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા બદલ વિભાગના સંયોજક ડૉ. ભરતભાઈ ઠાકોરે આભાર વ્યક્ત કર્યો હતો.

## Department of Biotechnology

### બાયોટૅકનોલોજી વિભાગના વિદ્યાર્થીઓની રાજ્યસ્તરીય ઇન્ટર–કૉલેજીયેટ સ્પર્ધામાં શ્રેષ્ઠ સિદ્ધિ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોટૅકનોલોજી વિભાગના વિદ્યાર્થીઓએ ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ L.J. School of Applied Science, L.J. University, Ahmedabad ખાતે યોજાયેલી ૩૫મી રાજ્ય સ્તરીય ઇન્ટર કૉલેજીયેટ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિભાગના B. Sc. Microbiology & Biotechnologyના નીચે જણાવેલા વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. પ્રીત સટોડીયા અને મૌયર ટિંવકલ Seminar Presentation, ગહલોત અનુશ્રી Article Writing, પટેલ કૃપા Scitoon, ચતુર્વેદી શિવાની Extempore Speech, લંકાપતિ ધ્રુવિ Concept Mapping, દલાલ જુહી Poster presentation અને સુથાર દક્ષા અને મૌર્ય મિત Bioquiz સ્પર્ધામાં ભાગ લીધો હતો. સુથાર દક્ષા અને મૌર્ય મિત Bioquiz સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો. લંકાપતિ ધ્રુવી Concept Mappingમાં પ્રથમ ક્રમ મેળવ્યો. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરીને વિભાગ અને વિશ્વવિદ્યાલયને ગૌરવ અપાવ્યું છે. શ્રીમતી તન્વી તમાકુવાલા અને શ્રી સદ્દામ મુસાનીએ ટીમને સ્પર્ધામાં સાથ આપ્યો હતો,જે તેમના માર્ગદર્શન અને સમર્પણને દર્શાવે છે. ડૉ. ગૌરવ શાહ અને તેમની ટીમે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું અને તેમના ઉત્સાહને વધારવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. એમના માર્ગદર્શન અને સહાયથી વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કર્યું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા આ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## Department of Economics

### રમતોત્સવનું ભવ્ય આયોજન

તા. ૦૭–૦૨–૨૦૨૫નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં વિદ્યાર્થીઓ અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ માટે રમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતો જેવી કે ગોળફેંક, ચક્રફેક, દોડ, બૅડમિન્ટન, ટેબલ ટેનીસ, ક્રિકેટ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપક ગણ અને વહીવટી કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક રમતમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા તથા રમત દરમિયાન વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને મનોબળ વધારવા વિભાગના અધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનીષ આર. પટેલ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ એમ.એ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની ગામીત હરિશા, દ્રિતીય ક્રમાંક પર વસાવા વૈશાલી અને તૃતીય ક્રમાંક પર ગામીત સીતા વિજેતા રહી હતી. ૧૦૦ મીટર ભાઇઓમાં પ્રથમ ક્રમાંક પર એમ.એ.સેમેસ્ટર–૪ની વિદ્યાર્થી કોંકણી નિસર્ગ, દ્રિતીય ક્રમાંક પર ચૌધરી હિતેન અને તૃતીય ક્રમાંક પર વસાવા રાહુલ વિજેતા રહ્યા હતા, ૨૦૦ મીટર દોડમાં બહેનોમાં પ્રથમ ક્રમ પર સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની વસાવા મહિમા, દ્રિતીય ક્રમાંક પર સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની વસાવા વૈશાલી અને તૃતીય ક્રમાંક પર સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની વસાવા નેહા વિજેતા રહ્યા હતા. ૨૦૦ મીટર દોડમાં ભાઈઓમાં પ્રથમ ક્રમ પર સેમેસ્ટર–૪ની વિદ્યાર્થી વસાવા રાહુલ, દ્રિતીય ક્રમાંક પર વસાવા કેવીલાલ અને તૃતીય ક્રમાંક પર ગામીત પ્રકાશ વિજેતા રહ્યા હતા. ૪૦૦ મીટર દોડમાં એમ.એ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની વસાવા મહિમા પ્રથમ, દ્રિતીય ક્રમાંક પર એમ.એ.સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની દેવલે અમીલા અને તૃતીય ક્રમાંક પર સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની ગામીત હરિશા વિજેતા રહ્યા હતા. અને ભાઈઓમાં ૪૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમાંક પર સેમેસ્ટર–૨નો વિદ્યાર્થી વાઢુ યોગેશ, દ્રિતીય ક્રમાંક પર વળાવી તૃષાર અને તૃતીય ક્રમાંક પર વસાવા અલ્પેશને વિજેતા જાહેર કરવામાં આવ્યો હતા. બરછી ફેંક રમતમાં એમ.એ.સેમેસ્ટર–૪ના વિદ્યાર્થી ગામીત ઈમન્વેલ પ્રથમ, એમ.એ.સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થી વસાવા અલ્પેશ દ્રિતીય અને તૃતીય ક્રમાંક પર એમ.એ.સેમેસ્ટર–૨ના વિદ્યાર્થી વસાવા રાજકુમાર વિજેતા રહ્યા હતા., બરછી ફેંક બહેનોમાં પ્રથમ ક્રમ પર સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની ગામીત હરિશા, દ્રિતીય ક્રમાંક પર સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની ગામીત વિભૂતિ અને તૃતિય ક્રમ પર ગામીત એન્જલ વિજેતા રહ્યા હતા, ચક્રફેંકમાં રમતમાં એમ.એ.સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની ગામીત હરીશા પ્રથમ, એમ.એ.સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની વજવાડિયા દીપિકા દ્રિતીય અને તૃતીય ક્રમ પર એમ.એ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની વસાવા કરીના વિજેતા રહ્યા હતા., ચક્રફેંક ભાઈઓમાં પ્રથમ ક્રમ પર સેમેસ્ટર–૪નો વિદ્યાર્થી ચૌધરી હિતેન, દ્રિતીય ક્રમ પર સેમેસ્ટર–૨નો વિદ્યાર્થી વસાવા પ્રદીપ અને તૃતીય ક્રમ પર વળાવી મયુર વિજેતા રહ્યા હતા. ગોળાફેંક રમતમાં બહેનોમાં એમ.એ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની ગામીત હરિશા પ્રથમ, વસાવા વૈશાલી દ્રિતીય અને વજવાડિયા દીપિકા તૃતીય ક્રમ પર વિજેતા રહ્યા હતા. અને ગોળાફેંક ભાઈઓમાં એમ.એ.સેમેસ્ટર–૪ના વિદ્યાર્થી ચૌધરી હિતેન પ્રથમ અને ધૂમ ભુપેન્દ્ર દ્રિતીય ક્રમ અને તૃતીય ક્રમ પર ગામીત ઇમન્વેલ વિજેતા રહ્યા હતા. દોરડા કૂદ ભાઈઓમાં એમ.એ. સેમેસ્ટર–૪ના વિદ્યાર્થી ચૌધરી હેતલ પ્રથમ ક્રમ, સેમેસ્ટર–૨ના વિદ્યાર્થી વસાવા રાજકુમાર અને

તૃતીય ક્રમાંક પર સેમેસ્ટર–૪ ગામીત પ્રકાશ પર વિજેતા રહ્યા હતા. લાંબી કૂદ ભાઈઓમાં સેમેસ્ટર–૪ના વિદ્યાર્થી વસાવા અલ્પેશ પ્રથમ ક્રમ, દ્વિતીય ક્રમ પર વસાવા રાહુલ અને તૃતીય ક્રમ પર રાઠોડ વિરલ વિજેતા રહ્યા હતા. જ્યારે લાંબી કૂદ બહેનોમાં સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની વસાવા મહિમા પ્રથમ ક્રમ,દ્વિતીય ક્રમ પર સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની વસાવા વૈશાલી અને તૃતીય ક્રમ પર સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની વસાવા નેહા વિજેતા રહ્યા હતા, બૅડમિન્ટનમાં બહેનોમાં પ્રથમ ક્રમ પર એમ.એ.સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની મસાની ફીઝા અને દ્વિતીય ક્રમ પર એમ.એ.સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની હાફેજી અસ્મા વિજેતા રહી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી રમત ઉત્સવનાં દરેક વિજેતાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.







## Department of English

### "Emerging Trends in English Studies : Global Perspectives" વિષય ઉપર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વિભાગ દ્વારા ૧૦ અને ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ના માર્ગદર્શન હેઠળ International Conference on Emerging Trends in English Studies : Global Perspectives" વિષય ઉપર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. દેશભરના વિદ્વાનો અને શિક્ષણવિદોએ પોતાની ઉત્સાહપૂર્વક ભાગીદારી થકી આ પરિસંવાદને અપાર સફળતા અપાવી હતી. ઉદ્ઘાટન કાર્યક્રમમાં, અંગ્રેજી વિભાગના વડા ડૉ. મહેશકુમાર ડેએ આદરણીય મહેમાનશ્રીઓ અને સહભાગીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ આ વિચારપ્રેરક કાર્યક્રમની પૂર્વભૂમિકા બાંધીને પરિસંવાદની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ડૉ. અશોક કે મહાપાત્રા, ડૉ. આનંદ મહાનંદ, ડૉ. જ્યોતિકા રામપ્રસાદ, શ્રી દયા દિશાનાયક, ડૉ. કલ્યાણ ચટ્ટોપાધ્યાય, ડૉ. અતનુ ભટ્ટાચાર્ય, ડૉ. ઋષિકેશ કુમાર સિંહ, શ્રીમતી વિનિતા અગ્રવાલ, જેવા શિક્ષણવિદોએ ભાગ લીધો હતો. તેમની નિપુણતા અને આંતરદૃષ્ટિએ પરિસંવાદની ચર્ચાઓને સમૃદ્ધ બનાવી. દિલ્હી, ઓડિશા, કોલકત્તા, યુ.એસ.એ, ગુજરાત અને અન્ય વિવિધ રાજ્યોમાંથી આવેલા સહભાગીઓની હાજરી થકી આ પરિસંવાદે ખરેખર ભારતીય અને આંતરરાષ્ટ્રીય સાહિત્યિક પરંપરાઓની સમૃદ્ધ વિવિધતાને આબાદ ઝીલી છે. બે દિવસ દરમિયાન કુલ અંદાજે ૮૫ શોધપત્રો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં British literature, American Literature, and Commonwealth literature, Indigenous literature and dalit writings, Indian literature in English translation, women writings in gender studies, Diasporic and cultural interaction, Digital and environmental humanities, film studies and literature, Translation studies and multilingualism, innovation in English Language Teaching સહિતના વિવિધ પેટા વિષયોને સંબોધિત કરવામાં આવ્યા હતા. વેલીડીકટરી ફંકશન ડૉ. દક્ષાબેન વામદત્તના અધ્યક્ષીય માર્ગદર્શન હેઠળ સંપન્ન કરવામાં આવ્યું હતુ. તેમણે સાહિત્ય અને સંસ્કૃતિ વિશે તેમના મંતવ્યો રજૂ કર્યા. ડૉ. દક્ષાબેન વામદત્તએ અંગ્રેજી વિભાગ અને પરિસંવાદનાં આયોજકોને આ પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન કરવા માટે અભિનંદન પાઠવવામાં આવ્યા. અંતમાં, આભારવિધિ ડૉ.

સુનિલ શાહ દ્વારા કરવામાં આવી. ડૉ. શાહે આમંત્રિત વકતાઓને, તમામ સહભાગીઓને તેમના જ્ઞાનસંવર્ધન માટેનાં સમર્પણ અને ઉત્સાહ માટે આભારસહ બિરદાવ્યાં. આ પરિસંવાદે આંતરરાષ્ટ્રીય અને ભારતીય સાહિત્યિક પરંપરાઓના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભોના ઊંડાણપૂર્વક અભ્યાસને પ્રોત્સાહન આપતું એક બૌદ્ધિક મંચ પુરું પાડયું. સહભાગીઓએ બૌદ્ધિક ચર્ચાઓ થકી પોતાના જ્ઞાનનું વર્ધન કર્યું તેમજ વ્યાપક શૈક્ષણિક સમુદાયમાં પણ યોગદાન આપ્યું. પ્રોફેસર સુનિલ શાહના કૉ-ઓર્ડિનેટરથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પુર્ણ થયો હતો.













## પુડુચેરી પ્રવાસનું આયોજન






વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન તેમજ સાથ સહકારથી અંગ્રેજી વિભાગ દ્વારા તા. ૨૪/૧/૨૦૨૫ થી ૩૦/૧/૨૦૨૫ દરમિયાન પુડુચેરી ખાતે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસનો હેતુ એ વિસ્તારમાંના ઐતિહાસિક, સાહિત્યિક અને સંસ્કૃતિક મહત્ત્વને સમજવાનો હતો, જે વિદ્યાર્થીઓને ફિલસૂફી, આધ્યાત્મિકતા અને ઔપનિવેશિક વારસાથી ઊંડા અર્થ ભર્યા અનુભવ આપતો હતો. વિદ્યાર્થીઓએ પ્રખ્યાત ફિલસૂફી, કવિ અને આધ્યાત્મિક અરવિંદની સમાધિની મુલાકાત લીધી હતી. વ્હાઈટ ટાઉનમાં થયેલા પ્રવાસ દ્વારા પુડુચેરીના ઔપનિવેશિક ઇતિહાસની માહિતી મળી. વિદ્યાર્થીએ ઓરોવિલ અને માતૃમંદિરની મુલાકાત લીધી, જ્યાં તેઓએ આ વૈશ્વિક નગર વસાહતના દ્રષ્ટિકોણ વિશે જણાવ્યું, જે માનવજાતને જાતિ, ધર્મ અને રાજકારણની સરહદોથી પરે એકીકૃત કરવાનો પ્રયત્ન કરે છે. વિદ્યાર્થીઓએ પિચ્છાવરની મુલાકાત પણ લીધી હતી, જે વિશ્વની સૌથી મોટી મેંગ્રોવ પર્યાવરણીય પ્રણાલીમાંથી એક છે. બોટિંગ સુવિધા દ્વારા આ સ્થળની મુલાકાત પર્યાવરણીય અભ્યાસના એક ભાગરૂપે કરવામાં આવી હતી. આ પ્રવાસ સાહિત્ય,

ઇતિહાસ ફિલસૂફી અને પર્યાવરણશાસ્ત્રને એકસાથે સમૃદ્ધ કરતી અનુભૂતિ બની. દરેક સ્થળે મુલાકાત દ્વારા સંસ્કૃતિક વારસાની ઊંડાણપૂર્વક સમજ મેળવવા અને તેના સાહિત્ય પર પડતા પ્રભાવને સમજવામાં સહાય મળી. અંગ્રેજી વિભાગ દરેક આયોજકો અને ભાગલેનાર વિદ્યાર્થીઓનો આ શૈક્ષણિક અભ્યાસયાત્રાને સફળ બનાવવા માટે આભાર વ્યક્ત કરે છે.

## Department of Journalism & Mass Communication

### સાયબર રક્ષક નાટ્ય મહોત્સવ–૨૦૨૫નું આયોજન
















ગુજરાત રાજ્યના ઉચ્ચ અને ટૅકનિકલ શિક્ષણ વિભાગના નેતૃત્વમાં અને કવચ કેન્દ્રની પ્રેરણાથી યુવા પેઢી સાયબર છેતરપિંડી બાબતે જાગૃત થાય અને તે દિશામાં આગળ વધે તેવા ઉદેશ્યથી તા. ૧૭ અને ૧૮/૦૨/૨૦૨૫ એમ કુલ બે દિવસ સાયબર રક્ષક નાટ્ય ઉત્સવ–૨૦૨૫નું આયોજન સમગ્ર ગુજરાત રાજ્યમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓને કુલ આઠ વિભાગમાં વહેંચીને જે તે વિસ્તારની સરકારી વિશ્વવિદ્યાલયોમાં નાટક ભજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં બધી મળીને કુલ ૩૭૭ જેટલી કૉલેજોએ આ નાટ્ય ઉત્સવમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તે પૈકી દક્ષિણ ગુજરાતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ભાગે આ કામગીરી આવી હતી. જેનું આયોજન અને અમલીકરણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વવિદ્યાલય વિસ્તારના સુરત, નવસારી, વલસાડ, નર્મદા, ડાંગ, ભરૂચ, અને તાપી એમ કુલ ૦૭ જિલ્લાની ૫૭ ટીમોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી કુલ ૩૩ કૉલેજોએ સાયબર નાટ્ય મહોત્સવમાં રજૂ થયેલા તમામ નાટકો કુલ ૦૫ થીમ પર આધારિત હતાં.

કાર્યક્રમનો આરંભ તા. ૧૭/૦૨/૨૦૨૫ના રોજ સવારે ૯:૩૦ કલાકે ઉદ્ઘાટન સત્રથી થયો હતો. જેમાં મંચસ્થ મહેમાનો હતા, આ કાર્યક્રમના અધ્યક્ષ અને વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, કમ્પ્યુટર સાયન્સ વિભાગના વડા ડૉ. અપૂર્વ દેસાઈ, સાયબર રક્ષક નાટય ઉત્સવ–૨૦૨૫ના નોડલ અધિકારી અને વિશ્વવિદ્યાલય કમ્પ્યુટર સાયન્સ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રીન્કુ પટેલ અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના વડા ડૉ. યોગેશ વાંસિયા આમની સાથે સાથે સુરત શહેર સાયબર સેલના પીએસઆઈ ક્રિષ્નાબેન આસોદરીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ઉદ્ઘાટન સત્રના આરંભે વિશ્વવિદ્યાલય ગીતનું ગાન કરવામાં આવ્યું હતું. ગીતગાન બાદ દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટય બાદ કમ્પ્યુટર સાયન્સ વિભાગના અધ્યાપક શ્રી મયુર ગોહિલ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહેમાનો અને સાયબર નાટય ઉત્સવમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ અને કૉલેજોના અધ્યાપકોનું શાબ્દિક સ્વાગત અને આવકાર આપ્યો હતો. તેમણે આ કાર્યક્રમનું આયોજન, હેતુઓ, નાટય પસંદગી, ઇનામો વગેરે વિશે ટૂંકી પરંતુ મહત્ત્વપૂર્ણ જાણકારી આપી હતી. આ પ્રવચન બાદ મંચસ્થ મહેમાનોનું પુસ્તકો ભેટ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

સ્વાગત બાદ કોમ્પ્યુટર સાયન્સ વિભાગના વડા ડૉ. અપૂર્વ દેસાઈએ વિષયને અનુરૂપ પ્રવચન કર્યું હતું. જેમાં તેમણે સૌને આવકાર આપીને સાયબર છેતરપિંડી વિષયની પ્રસ્તુતતા સાયબર છેતરપિંડીની ઉદાહરણો સહિત સમજૂતી, ડિજિટલ એરેસ્ટ કન્સેપ્ટની વિગતે જાણકારી, ડિજિટલ ટૅકનોલોજીના સારા ખરાબ પાસા, ટૅકનોલોજીનો ઉપયોગ વિશે સાવધાની જેવી મહત્ત્વપૂર્ણ બાબતોને આવરી લીધી હતી. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા વ્યસ્તતાના લીધે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા ન હતા પરંતુ તેમણે શુભેચ્છા સંદેશ મોકલી આપ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ અને વિશ્વવિદ્યાલયના કુલ સચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ સંક્ષિપ્ત પ્રવચન આપ્યું હતું. જેમાં તેમણે ઉપસ્થિત સૌને આવકાર આપીને પોતાના સાયબર છેતરપિંડીના અનુભવને વર્ણવ્યો હતો. તેમણે પોતાના પ્રવચનમાં આ નાટય ઉત્સવના આયોજનનો હેતુ, માનવ અને ટૅકનોલોજીની સર્જન અને વિસર્જન શકિત, લોભના કારણે સાયબર છેતરામણીનો થતો જતો વધારો, સાયબર છેતરામણીઓ, ડિજિટલ સાક્ષરતા વગેરે વિશે જાણકારી આપી હતી. ઉદ્ઘાટન સત્રના અંતે કમ્પ્યુટર સાયન્સ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રીન્કુ પટેલ દ્વારા સાયબર રક્ષક નાટય ઉત્સવમાં ઉપસ્થિત સૌનો આભાર માની ઉદ્ઘાટન સત્રને પૂર્ણ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદના બંને દિવસોના સાયબર રક્ષક નાટય સત્રોમાં જુદી જુદી કૉલેજો દ્વારા સાયબર છેતરામણીને લગતા જુદા જુદા વિષયો આધારિત કુલ ૩૩ નાટયકૃતિઓની પ્રસ્તુતી કરવામાં આવી હતી. તેમાં પ્રથમ ક્રમે શ્રી જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, બીજા ક્રમે શ્રીમતી વી.આર. ભકતા કૉલેજ ઓફ એજ્યુકેશન, કામરેજ અને ત્રીજા ક્રમે વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન, સુરત રહી હતી.

## Department of Public Administration

### Kilad Eco-Tourism Campsite, Waghaiનો શૈક્ષણિક પ્રવાસ



વિશ્વવિદ્યાલયના પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગ દ્વારા તા. ૦૫/૦૨/૨૦૨૫ના રોજ વિભાગમાં અભ્યાસ કરતા કુલ ૨૦ વિદ્યાર્થીઓને Kilad Eco-Tourism Campsite, Waghaiની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ ટ્રેકિંગ કરીને પર્યાવરણની જટિલતાઓને નજીકથી સમજવાનો અને વધઈ બૉટનિકલ ગાર્ડનની મુલાકાત દ્વારા વિવિધ ઔષધિય વનસ્પતિઓ અને સ્થાનિક પ્રજાતિઓ વિશે માહિતગાર થવાનો અવસર મેળવ્યો. આ શૈક્ષણિક પ્રવાસનો મુખ્ય હેતુ પર્યાવરણ જાગૃતિ, ઇકો ટૂરિઝમ સિદ્ધાંતો, અને પ્રાકૃતિક સંસાધનોના સંરક્ષણ માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો હતો. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીના સહકારથી આ શૈક્ષણિક પ્રવાસ સફળ થયો. પ્રવાસનું આયોજન પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. મધુ થવાની અને ડૉ. સ્વાતિ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ આ પ્રવાસમાં પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે નવી દૃષ્ટિ વિકસાવી અને ભવિષ્યમાં પણ આવા શૈક્ષણિક પ્રવાસ યોજવા માટે પ્રોત્સાહન આપ્યું.

### India's Vision 2047 for Sustainable Development વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના પબ્લિક એડમીનીસ્ટ્રેશન વિભાગ દ્વારા તા. ૨૪/૨/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના નેતૃત્વ હેઠળ વિશ્વવિદ્યાલય સ્થાપનાના ૬૦માં વર્ષમાં પ્રવેશની ઉજવણી નિમિત્તે પબ્લિક એડમીનીસ્ટ્રેશન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. મધુ એમ. થવાની દ્વારા એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર "India's Vision 2047 for Sustainable Development" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટય, સરસ્વતી પૂજન અને ગણેશ વંદનાથી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. મનિષા (CUG), અને ડૉ. પ્રીતિ શર્મા (CUG) ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. મનિષ સરે ભારતના ભવિષ્યના સતત વિકાસ અને ડૉ. પ્રીતિ શર્માએ ગ્રીન ઇન્ડિયા અને રિન્યુએબલ એનર્જી રિસોર્સ ઉપર વ્યકતવ્ય રજૂ કર્યુ હતું. કાર્યક્રમમાં પ્લેનરી સેશનના ચેરમેન તરીકે ડૉ. દીપક ભોયે અને ડૉ. હીના મકવાણાએ ગ્રામીણ ક્ષેત્રના વિકાસ અને ઇન્કલુંઝીવ અને યુનિફોર્મ સિવિલ કોડ વિશે વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં ૧૦૦થી વધારે સંશોધકો ઉપસ્થિત રહ્યા હતા અને નેશનલ એજ્યુકેશન પોલીસી, એગ્રીકલ્ચરલ ગ્રોથ, વેસ્ટ મૅનેજમેન્ટ, ભારતીય મૂળ પરંપરાની વાત અને સતત વિકાસના વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા "India's Vision 2047 for Sustainable Development" સ્કીટ રજૂ કરવામાં આવી હતી.








## Department of Sociology

### શૈક્ષણિક પ્રવાસનું આયોજન

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. મધુભાઈ ગાયકવાડની પ્રેરણાથી સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ ઉનાઈ ધામ જે ગરમ પાણીના કુંડ માટે જાણીતું છે, જાનકીવન અને બૉટનિકલ ગાર્ડન જ્યાં દુર્લભ ઔષધિઓ અને વનસ્પતિઓ તથા વૃક્ષોનો ખજાનો છે. એની મુલાકાત લીધી હતી. અંબિકા નદી પર પ્રકૃતિના ખોળે વસેલું રમણીય સ્થળ ગીરાધોધ અને ગુજરાતના એકમાત્ર હિલસ્ટેશન તરીકે જાણીતા સાપુતારાની મુલાકાત લીધી હતી. જ્યાં સાપુતારા સંગ્રહાલયમાં આદિવાસી સંસ્કૃતિની ઝાંખી આપતો વારસો જેમ કે, કથોડી, વારલી, માવચી, કુનબી અને ડાંગી આદિવાસી સમુદાયની રહેણીકરણી–રીતભાતનો વિદ્યાર્થીઓને પરિચય થયો. માછલીઘરમાં દેશ વિદેશની રંગબેરંગી માછલીઓ વિદ્યાર્થીઓએ નિહાળી. આ ઉપરાંત સનસેટ પોઈન્ટ, સાપુતારા તળાવ, પુષ્પક રોપવે, સ્ટેપ ગાર્ડન, પેરાગ્લાઈડિંગ વગેરે જેવા મનોરંજનની સાથે સાથે જ્ઞાનવર્ધક સ્થળોનો લહાવો પણ વિદ્યાર્થીઓએ લીધો. આ એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું સમગ્ર સંચાલન ડૉ. જીતેન્દ્ર વસાવાએ કર્યું હતું. જેમાં વિભાગના સૌ અધ્યાપકોએ પણ સહયોગ આપ્યો હતો.




### વ્યાખ્યાનનું આયોજન

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડની પ્રેરણાથી સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણીના ભાગરૂપે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. સી.સી.ચૌધરી (એકિસકયુટીવ ડાયરેકટર ગુજરાત ટ્રાઈબલ રીસર્ચ અને ટ્રેનીંગ સોસાયટ ગાંધીનગર)નું ભગવાન બિરસા મુંડાનું જીવન અને યોગદાન ઉપર વ્યાખ્યાન આપેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. બહાદુરસિંહ વસાવાએ કર્યું હતું અને આભારવિધિ ડૉ. બીનાબેન વાઢીયાએ કરી હતી.



## 'આદિવાસી જીવન અને વિકાસ' વિષય પર એક દિવસીય નેશનલ સેમિનાર








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષની ઉજવણીના ઉપક્રમે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, રજીસ્ટ્રારશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગમાં તા. ૧૫/૦૨/૨૦૨૫ના રોજ "આદિવાસી જીવન અને વિકાસ" વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. પ્રો. અરુણ વાઘેલાએ સદર સેમિનારમાં ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ સુશ્રી સ્મિતાબેન પટેલે આદિવાસીઓની યોજનાઓ સંદર્ભે વિસ્તૃત માહિતી આપી હતી. પ્રો. જે.સી.પટેલે વેલીડીકટરી એડ્રેસ આપ્યું હતું. પ્રા. મહેશ ગામીત, પ્રો.રમેશ મકવાણા અને ડૉ. કે.એ. ભોયેએ પેનલોમાં કી પેપર રજૂ કર્યા હતા. સદર સેમિનારમાં મુખ્યત્વે આદિવાસીઓના જીવન, કલા, સંસ્કૃતિ, આરોગ્ય અને વિકાસ વિષયો ઉપર સહભાગીઓ દ્વારા પેપરો રજૂ કરવામાં આવ્યાં હતાં. સદર સેમિનારમાં કુલ ૨૫૦ જેટલા રીસર્ચ સ્કોલર, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સાથે, ૨૦૨૪–૨૫માં GSETની પરીક્ષામાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સદર સેમિનારનો સફળ બનાવવા સર્વ અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સેમિનારનું સંચાલન ડૉ. મોસમ ત્રિવેદી અને આભારવિધિ ડૉ. બહાદુરસિંહ વસાવાએ કરી હતી.

## વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી



તા. ૧૯/૨/૨૦૨૫ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને એમ.એસ.ડબલ્યું પ્રોગ્રામના સંયુકત ઉપક્રમે સમાજશાસ્ત્ર વિભાગના સેમિનાર હોલ ખાતે 'માતૃભાષામાં રચાતા સાહિત્યની સમાજ ઉપર અસર' વિષય સંદર્ભે માતૃભાષા સપ્તાહ ૨૦૨૫ અંતર્ગત વિશ્વ માતૃભાષા દિવસનો ઉજવણી કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં MSW પ્રોગ્રામનનાં આસિસ્ટન્ટ પ્રોફેસર અને કાર્યક્રમનં સંયોજક ડૉ. બહાદુરસિંહ વસાવા દ્વારા વકતાઓનું સ્વાગત અને કાર્યક્રમનું આયોજન કરવા પાછળનો હેતુ જણાવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વિભાગના, એસોસિયેટ પ્રોફેસર, ડૉ. અરુણ પંડયા દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે લેખિકા અને સામાજીક કાર્યકર સુશ્રી ઉમાબેન પરમાર દ્વારા સામાજિક રીતે તરછોડેલાયેલી, વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલી માહિતીઓથી સંવેદનાઓ અને સાહિત્યના નિસ્બત અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. બીજા વકતા તરીકે શ્રી જ્વલંત નાયક દ્વારા વિશ્વ ભાષા દિવસના અનુસંધાનને પોતાના વિચારો માર્મિક અને સાહિત્યક રીતે ઉદાહરણો સહ રજૂ કાર્ય હતા. તેમણે સમાજને સમજવા માટે વ્યકિતગત કે અન્ય રીતે સાહિત્યમાં લખાયેલી હકીકતો વાંચવા અંગે ભાર મૂકયો હતો. આ સાથે તેમણે દરેકને ગુજરાતી ભાષામાં રચાયેલ સાહિત્યનું વાંચન, ચિંતન અને મન થકી આપણી માતૃભાષાને ટકાવી રાખવા અને તેને વધારે સમૃદ્ધ બનાવવા માટે સતત પ્રયત્નો કરવા હાંકલ કરી હતી. કાર્યક્રમનું આયોજન વિશ્વવિદ્યાલયના કુલગુરૂ ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીની પ્રેરણાથી અને વિભાગના અધ્યક્ષ અને MSW પ્રોગ્રામના કૉ–ઓર્ડિનેટર ડૉ. એમ.એન. ગાયકવાડ તથા ડૉ. અરૂણ પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૮૮ થી વધારે વિદ્યાર્થીઓએ અને વિભાગના અધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.એસ.ડબલ્યું પ્રોગ્રામના આસિસ્ટન્ટ પ્રોફેસર (એડ–હોક) શ્રી નવીનકુમાર રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

#### ગર્લ્સ સેલ્ફ ડિફેન્સ તાલીમનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, તા. ૩/૨/૨૦૨૫ના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ કૉલેજમાં 'ગર્લ્સ સેલ્ફ ડિફેન્સ' તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે શ્રી ડૉ. હેતલબેન રામાણી, શ્રી મહેશભાઈ પરમાર, શ્રીમતી આદિતીબેન હેબાલકર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને કૉલેજ ગીતથી થઈ હતી. પ્રા. ડૉ. બિંદુબેન ઠાકોરએ વકતાશ્રીઓ પરિચય આપ્યો હતો. આ તાલીમમાં શ્રી મહેશભાઈ પરમારે મહિલા ગૃહઉદ્યોગ, મહિલા કલ્યાણ, મહિલા શિક્ષણ અંગેની વિવિધ યોજના વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. ડૉ. હેતલબેન રામાણીએ સેકસુઅલ હેરેસમેન્ટના પ્રકારો, આઈ.સી.સી., એલ.સી.સી., સંવિધાનના આર્ટીકલ ૧૫, ૧૬ અને કાનૂની અધિકારોની માહિતી આપી હતી. શ્રીમતી આદિતીબેન હેબાલકરે વિદ્યાર્થીઓને સ્વરક્ષા માટેની તાલીમ આપી હતી. પ્રા.ડૉ. સ્વાતીબેન જોષીએ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહભાગી થયેલ દરેકનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમના ઉદબોધક પ્રા. રાજભાઈ ડુમસિયા રહ્યા હતા. કાર્યક્રમમાં ૧૪૦ વિદ્યાર્થીનીઓ સહભાગી થઈ હતી.

#### એકાંકી નાટય સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજનું નાટક કલાસ્મૃતિ અને ગુજરાત સમાચાર ટ્રસ્ટ આયોજિત ૩૭મી એકાંકી નાટય સ્પર્ધા ૨૦૨૫ના ફાઈનલ રાઉન્ડમાં તા. ૮/૨/૨૦૨૫ ને શનિવારના રોજ "પનું–દે–જેઠી" અમદાવાદ મુકામે ભજવાયું હતું. જેમાં કુલ ૩૮ એકાંકી નાટયમાંથી કૉલેજે ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો છે. જેમાં કુલ ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. આ ઉપરાંત પ્રીયાંસી ગલાણીને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. નાટકમાં ભાગ લીધેલ સૌ કલાકારો, નિર્દેશકને જીવન જ્યોત ટ્રસ્ટ અને કૉલેજ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.





#### ઇનોવેશન કલબ કેસીજી, અમદાવાદ દ્વારા ઇનોવેશન કલબ કિટ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલ એ.દેસાઈ મેડમના માર્ગદર્શન હેઠળ KCG વિભાગનાં સંયુકત ઉપક્રમે તા. ૧૨/૦૨/૨૦૨૫ અને ૧૩/૦૨/૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ વાગ્યાથી બપોરે ૧૨:૦૦ કલાક દરમિયાન ઇનોવેશન કલબ કેસીજી, અમદાવાદ દ્વારા ઇનોવેશન કલબ કિટ ટ્રેનિંગ તાલીમનું ૦૨ દિવસીય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રેનર તરીકે શ્રી અમિત યાદવે વિદ્યાર્થીઓને તાલીમ પૂરી પાડી હતી. આ પ્રોગ્રામમાં બેસિક ઇલેકટ્રોનિકસ, એડવાન્સ ઇલેકટ્રોનિકસ, મિકેનિકલ, ટેલિસ્કોપ, એડવાન્સ સાયન્સ, વી.આર.ગ્લોબ, એનર્જી કન્ઝરવેશન, ડ્રોન, અર્થ સાયન્સ ટેકનોલોજી જેવા વિવિધ પાંસાઓ આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ૬૩ વિદ્યાર્થીઓ અને ૦૨ પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. વર્કશોપનું આયોજન ઇનોવેશન કલબના કૉ–ઓર્ડિનેટર આદરણીયશ્રી પ્રા. બિંદુબેન એ. ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ પ્રા. રાજ ડુમસીયાએ ઇનોવેશન કલબના સભ્ય તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### બે દિવસીય કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૩૧/૦૧/૨૦૨૫ અને તા. ૦૩/૦૨/૨૦૨૫નાં રોજ અંતિમ વર્ષ બી.બી.એ. ફાઈનાન્સ, માર્કેટિંગ, એચ.આર. અને બી.કોમ. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ટુ કોર્પોરેટ હેઠળ બે દિવસનું આયોજનમાં Rejoice LLP, P.P.Savani, Chaitanya Vidya Sankul, E.M. Charitable Trust જેવી કંપનીઓએ વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટ માટે પ્લેટફોર્મ પૂરું પાડયું હતું. જેમાં કુલ ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૧૨ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ માટે કંપનીઓ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. સમગ્ર પ્લેસમેન્ટ પ્રક્રિયાનું સંચાલન આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ કૉ–ઓર્ડિનેટર પ્રા.સોયેબ મેમણ, ડૉ. વિશ્વનાથ બોરસે અને પ્રા. રાકેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જીવન જ્યોત ટ્રસ્ટ અને સ્ટાફ પસંદગી પામેલા ઉમેદવારોને કોર્પોરેટ જગતમાં તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવેલ છે.

### અંતર્ગત વાર્ષિક શિબિર–૨૦૨૫નું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત વાર્ષિક શિબિર–૨૦૨૫નું આયોજન શાહ ગંગાબેન ઉદેરામ માધ્યમિક શાળા, કોસાડ ખાતે તારીખ ૫ ફેબ્રુઆરી થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું. જેના ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. પરેશ જોશી (પ્રોફેસર ડિપાર્ટમેન્ટ ઓફ ઇંગ્લિશ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), શ્રી અશ્વિનભાઈ પટેલ (મંત્રીશ્રી જીવન જ્યોત ટ્રસ્ટ) તથા શ્રી વિપુલસિંહ મહિડા (શાહ ગંગાબેન ઉદેરામ માધ્યમિક શાળાનાં આચાર્ય) હાજર રહ્યા હતા. આ ખાસ શિબિરમાં એક મુઠ્ઠી અનાજ, મતદાન જાગૃતિ, મતદાન યાદી સુધારણા જેવા સામાજિક વિષયો પર પ્રવૃત્તિઓ યોજનાર છે. આ શિબિરમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ જોડાયા છે. વાર્ષિક શિબિરાનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ.. પ્રદીપકુમાર લેન્કા, પ્રા. જ્યોતિકા ટેલર અને પ્રા. ડૉ. તન્વી ભાલાળા તેમજ એન.એસ.એસ.સ્વયંસેવકો દ્વારા સફળતાપૂર્વક યોજાય રહ્યો છે.



### શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ





જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી એફ.વાય., એસ.વાય., બી.સી.એ., બી.બી.એ., બી.કોમ.,

બી.સી.એ. વિન્ટર, બી.એસ.સી.ડેટા સાઇન્સમાં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર તેમજ વિશ્વવિદ્યાલય કક્ષાએ વિષયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ કૉલેજ કેમ્પસમાં તા. ૦૭–૦૨–૨૦૨૫નાં રોજ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય, સ્વાગત નૃત્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી તરીકે શ્રી પરેશભાઈ લાખાણી (ટ્રસ્ટીશ્રી તપોવન ગ્રુપ ઓફ સ્કુલ) અને શ્રી ભાવેશભાઈ ધેલાણી (Principal-Risen Modern School) (Educationalist, Thinker & Social Leader), તેમજ જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, સેક્રેટરીશ્રી અશ્વિન પટેલ તેમજ છાપરાભાઠા શાળાના આચાર્ય શ્રી દિલીપભાઈ પરમાર, અંજલીબેન જાનીએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનોનો પરિચય આપ્યો હતો. ઇનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષીને શ્રી પરેશભાઈ લાખાણી તેમજ શ્રી ભાવેશભાઈ ધેલાણીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમજ ૧૩૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ બી.કોમ., બી.સી.એ., બી.બી.એ., બી.એસ.સી.નાં કૉ–ઓર્ડિનેટર તથા કૉલેજના અધ્યાપકો અને વહીવટી સ્ટાફે હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ.હેમાદ્રી ટીકાવાલા, પ્રા. રાકેશ પટેલ અને પ્રા. ટ્વીકલ પંચાલ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## ડેટા એનાલિસીસ માટેનો સેમિનાર



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૬ ફેબ્રુઆરી ૨૦૨૫નાં રોજ ડેટા એનાલિસીસ માટેનો સેમિનાર યોજાયો હતો. સેમિનારનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સંશોધનરૂપી (ડેટા એનાલિસીસ) જ્ઞાન વધારવાનું હતો. સેમિનારના મુખ્ય વકતા તરીકે ડૉ. ભાવેશ વાનપરીયા (ડીપાર્ટમેન્ટ ઓફ એચ.આર.ડી., વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય) ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ભાવેશ વાનપરીયાએ સંશોધનરૂપી (ડેટા એનાલિસીસ) જ્ઞાન અને મૅનેજમેન્ટ સેકટરમાં તેમનું મહત્વ પણ સમજાવ્યું હતું. સેમિનારમાં બી.બી.એ.નાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સેમીનારમાં ભાગ લઈ મૅનેજમેન્ટ રિસર્ચ સોફટવેરનું જ્ઞાન મેળવ્યું હતું. સેમિનારનું આયોજન કૉલેજના આચાર્ય ડૉક મૂકેશ ગોયાણીના નેતૃત્વમાં બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. સ્વાતિ મહેતા, પ્રા. ડૉ. નિલેશ પટેલ તેમજ સોયબ જિંદાની દ્વારા સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

## કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૧/૨/૨૦૨૫નાં રોજ અંતિમ વર્ષ બી.બી.એ. ફાઈનાન્સ, માર્કેટિંગ, એચ.આર. અને બી.કોમ. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ટુ કોર્પોરેટનું આયોજનમાં ANK Solar TEAM, TRAMA POWER, 11ZA, DI SOLUTION, BITINFOTECH, HM SQUARE SOLUTION LLP જેવી કંપનીઓએ વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટ માટે પ્લેટફોર્મ પૂરું પાડયું હતુ. જેમાં કુલ ૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૨૭ વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ માટે કંપનીઓ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. સમગ્ર પ્લેસમેન્ટ પ્રક્રિયાનું સંચાલન આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ કૉ–ઓર્ડિનેટર પ્રા. સોયેબ મેમણ, ડૉ. વિશ્વનાથ બોરસે, ડૉ. વિશાલ પંડયા, અને પ્રા. રાકેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જીવન જ્યોત ટ્રસ્ટ અને સ્ટાફ પસંદગી પામેલા ઉમેદવારોને કોર્પોરેટ જગતમાં તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવેલ છે.

## Amroli Got Talentનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૪/૨/૨૦૨૫નાં

રોજ કૉલેજ અને 94.3 MY F.M. દ્વારા સંયુકત રીતે "Amroli Got Talent"નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૨૫ વિદ્યાર્થીઓએ પોતાનો ટેલેન્ટ બતાવ્યું હતું. જેમાં 94.3 MY F.M. દ્વારા શ્રેષ્ઠ ટેલેન્ટ ધરાવતા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. પ્રથમ ક્રમે F.Y.B.Com (sem-2)ની વિદ્યાર્થીની ગુપ્તા પરી સંજયકુમાર, દ્વિતીય ક્રમે F.Y.B.Com (Sem-2)ની વિદ્યાર્થીન દાવરા જાનવી પ્રિયાંક અને તૃતીય ક્રમે S.Y.B.C.A (Sem-4)નો વિદ્યાર્થી કાછડીયા મીત કેતનભાઈ રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી તથા બી.કોમ. કૉ–ઓર્ડિનેટર શ્રી ભરત બસરાણીના માર્ગદર્શન હેઠળ સંસ્કૃતિક કમિટીના સભ્યો પ્રા. ડૉ. હેમાદ્રી ટીકાવાલા, પ્રા. જ્યોતિકા ટેલર દ્વારા તેમજ એન્કરીગ ડૉ. ચક્ષુ શાહ દ્વારા કરવામાં આવ્યુ હતું. સમગ્ર કૉલેજ પરિવાર વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.



## એસ.વાફ.બી. સી એ.નાં વિદ્યાર્થીઓ માટે સેમિનાર




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૫/૦૨/૨૦૨૫ને શનિવારે "Traditional VS Agile Organizational Structure in Software Development And IT Job Trends" વિષય પર એસ.વાય.બી.એ.નાં વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરેલ હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શ્રી સંદેશ દોશી (Founder-only web) p5l:YT ZCL "Traditional VS Agile Organizational Structure in Software Development and IT Job Trends" વિષય પર સમિનાર દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. એસ.વાય.બી.સી.એ.ના કુલ ૨૪૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.સી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાલા અને પ્રા. મોહમ્મદઅલી કે. મોમીન દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે આમંત્રીત મહેમાનોને, તેમજ હાજર તમામ સ્ટાફ, તેમજ હાજર તમામ વિદ્યાર્થીઓનો આભારમાની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## એન.સી.સી. કેડેટ વિદ્યાર્થીની માટે ફેરવેલનું આયોજન




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૫/૦૨/૨૦૨૫નાં રોજ એન.સી.સીનું છેલ્લું વર્ષ પૂર્ણ કરનાર કેડેટ માટે એન.સી.સી. પ્રથમ અને બીજા વર્ષના કેડેટ દ્વારા ફેરવેલનું આયોજન કરવામાં આવેલ હતું. ફેરવેલ દરમ્યાન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ કૉલેજના તમામ કૉ–ઓર્ડિનેટરશ્રી અને સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા. આચાર્યશ્રી તેમજ કૉ–ઓર્ડિનેટરશ્રીનું સ્વાગત પુસ્તક અર્પણ કરી કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીએ છેલ્લાં વર્ષ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપી હજુ આગળ પ્રગતિ કરતાં રહે એવી શુભકામના આપી હતી. ફેરવેલમાં એન.સી.સી.ની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ફેરવેલનું આયોજન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ એન.સી.સી. CTO ડૉ. અનિલા પિલ્લાઈ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## વાર્ષિક શિબિર–૨૦૨૫

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત વાર્ષિક શિબિર–૨૦૨૫ નું આયોજન શાહ ગંગાબેન ઉદેરામ માધ્યમિક શાળા, કોસાડ ખાતે તારીખ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું.

કેમ્પના પ્રથમ દિવસે કૉલેજ કેમ્પસ માંથી તૈયારી કરી સામાન કેમ્પ સ્થળે લઈ જવામાં આવ્યો. કેમ્પના સ્થળે જઈ

સાફ-સફાઈ કરી મંડપ લગાવી NSS ધ્વજ ફરકાવવામાં આવ્યો. ત્યારબાદ રાષ્ટ્રગાન કરી બીજા દિવસની તૈયારી માટે વિદ્યાર્થીઓના ગ્રુપ પાડવામાં આવ્યા અને કામગીરી સમજાવવામાં આવી. સાત દિવસ દરમિયાન કયા કયા કાર્યો કરવાના છે કઇ સમય મર્યાદામાં કરવાના છે એ દરેક વિષયની વિસ્તૃત માહિતી આપવામાં આવી. બપોરે ચા અને નાસ્તો લીધો બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવ્યા.




કેમ્પના બીજા દિવસની શરૂઆત યોગાસન અને પ્રાણાયમથી કરવામાં આવી જેમાં અમારી જ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી જીગ્નેશ અમદાવાદી દ્વારા વિદ્યાર્થીઓને યોગ વિદ્યા વિષે સમજ આપી. કયુ આસન કયા રોગ નીવારણ માટે એ પણ સમજાવવામાં આવ્યું. ત્યારબાદ પૌષ્ટિક નાસ્તો આરોગ્યા બાદ સૌ ઉદ્ઘાટન સત્રની તૈયારીમાં લાગી ગયા. ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. પરેશ જોશી (પ્રોફેસર ડિપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લિશ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), શ્રી અશ્વિનભાઈ પટેલ (મંત્રી જીવન જ્યોત ટ્રસ્ટ) તથા શ્રી વિપુલસિંહ મહિડા (શાળાના આચાર્ય) હાજર રહ્યા ."એક સારા કાર્યની તીવ્ર ઝંખના એ જ સાચી રાષ્ટ્રીય સેવા યોજના" ડૉ. પરેશ જોષી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ ખાસ શિબિરમાં એક મુઠ્ઠી અનાજ, મતદાન જાગૃતિ, મતદાન યાદી સુધારણા જેવા સામાજિક વિષયો પર પ્રવૃત્તિ યોજનાર છે. આ શિબિરમાં કુલ ૧૦૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો તથા પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદીપ લેન્કા તથા પ્રો. જ્યોતિકા ટેલર દ્વારા સફળતા પૂર્વક પૂર્ણ થયો. સાંજે સંસ્કૃતિક કાર્યક્રમના ભાગ રૂપે ૨ નાટક "સોસીયલ મેડિયા" અને મોબાઈલ અડીકસન" રજૂ કરવામાં આવ્યા.



રાષ્ટ્રીય સેવા યોજના ખાસ શિબિર ૨૦૨૫ના ત્રીજા દિવસે વ્યસન મુકિત વિષય પર પ્રભાતફેરી ફરવામાં આવી. વ્યાયામ-કસરત, યોગા કરી પૌષ્ટિક આહાર લઈ કેમ્પસની સાફ સફાઈ કરવામાં આવી. ત્યારબાદ પંડિત પંકજ આચાર્યના જ્ઞાનનો લાભ લીધો. બપોરના ભોજન બાદ કોસાડ ગામમાં "એક મુઠ્ઠી અનાજ" વિષય અંતર્ગત સ્વયંસેવકોએ ગામમાંથી ઘઉં ચોખા, તુવેર દાળ અનાજ એકઠું કર્યુ. સાંજે ચા અને નાસ્તા બાદ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ કેમ્પસની સાફ-સફાઈ કરી રાત્રિ ભોજનની તૈયારી કરી. રાત્રે ગરબા અને ભજનની જમાવટ કરી દિવસ પૂરો થયો.



અનેએસએસ કેમ્પના ચોથા દિવસે એન.એસ.એસ. ધ્વજ ફરકાવી રાષ્ટ્રગાન કરવામાં આવ્યું. ત્યારબાદ યોગાસન પ્રાણાયમ કરી પૌષ્ટિક આહારનો લાભ લીધો. નિત્ય કર્મની જેમ કેમ્પસની સાફ સફાઈ કરવામાં આવી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે વિદ્યાર્થીઓએ નાટકની તૈયારી કરવામાં આવી. લગ્ન ગીતની ભજવણી પણ કરવામાં આવી જેમાં મામેરુ, વિદાય જેવા પ્રસંગો ભજવવામાં આવ્યા. ગામ સફાઈ અંતર્ગત કોસાડ ગામનો વિસ્તાર સાફ કર્યો. વિષય તજજ્ઞ તરીકે શ્રી મનોજકુમાર ગોધાનીયા- "Roal of Digital transformation in Business and society" વિષય પર માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ ભોજન લીધા પછી કોસાડ ગામના નાગરિકો પાસેથી મતદાન યાદી અંગે માહિતી એકત્ર કરવામાં આવી અને જેમને મતદાતા તરીકે નામ નોંધાવેલ નથી તેમને ફોર્મ-૬નો નમુનો વહેંચવામાં આવ્યો કેવી રીતે ભરવા તેની સમજૂતી આપવામાં આવી તથા એની સાથે કયા કયા પુરાવાઓ જોડવા કે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી. સાંજે ફલેગ ડાઉન કરી ચા અને નાસ્તો કરી દિવસ પૂરો કર્યો.



એન.એસ.એસ.કેમ્પના પાંચમા દિવસની શરૂઆત પણ ધ્વજ વંદન તેમજ રાષ્ટ્રગાન થી થઈ. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પ્રાણાયમ અને યોગાનો લાભ લીધો. નાસ્તો કર્યા બાદ કેમ્પસની સાફ–સફાઈ કરવામાં આવી. પ્લાસ્ટિક કચરો અલગ કરી સૂકો કચરો સળગાવવામાં આવ્યો. શ્રી યોગેશ તિવારી કે જેમને Health and Diet વિષય પર એમના જ્ઞાનનો લાભ આપ્યો બપોરના ભોજનબાદ વિદ્યાર્થીઓ નાનપણથી રમતગમતનો લાભ લીધો. જેમાં લીબું ચમચી, સંગીત ખુરશી, કેટલા રે કેટલા જેવી રમત ખૂબ ઉત્સાહભેર રમ્યા. ત્યારબાદ કોસાડ ગામ ખાતે જુના કપડા ઉઘરાવવામાં આવ્યા અને એ કપડાને જરૂરિયાતમંદ વચ્ચે વહેંચણી કરવામાં આવી. સાંજના સમયે ચા નાસ્તો માટે ફરીથી બધા ભેગા થયા અને દિવસ પૂરો કર્યો.



એન.એસ.એસ કેમ્પના છઠ્ઠા દિવસની શરૂઆત યોગા અને પ્રાણાયમથી થઈ. ત્યારબાદ પૌષ્ટિક આહાર લીધો અને ગામમાં શેરી અને મહોલ્લાઓની સાફ–સફાઈ કરવામાં આવી. ડૉ. હિરલ પટેલ વિષય તજજ્ઞ તરીકે "trying to crying" વિષયનો લાભ આપ્યો. કોસાડ ગામમાં આવેલું સોમનાથ મહાદેવનું મંદિર પણ સાફ કરવામાં આવ્યું. ભોજન લીધો બાદ સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે સોમવારના રોજ મહાદેવ મંદિરે એન.એસ.એસ.ના સ્વયંસેવકો તથા અધ્યાપક મિત્રો દ્વારા ભજન મંડળી બેસાડવામાં આવી એમાં મહાદેવ અને કૃષ્ણના ભજનનો લાભ ઉઠાવાયો.



એન.એસ.એસ.કેમ્પના સાતમા દિવસે સવારે ધ્વજ વંદન કર્યા બાદ વિદ્યાર્થીઓએ નાસ્તો લઈ યોગા અને પ્રાણાયામ કર્યો ત્યારબાદ ૯:૩૦ વાગે સમાપન સમારોહ હોવાના કારણે વિદ્યાર્થીઓએ સમાપન સમારોહ માટેની જરૂરી તૈયારીઓ કરી સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ચેતનભાઈ હીરપરા (પ્રિન્સીપાલ શાળા ક્રમાંક ૩૩૪) તથા જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શાહ ગંગાબેન ઉદેરામ માધ્યમિક શાળાના પ્રિન્સિપાલ શ્રી વિપુલભાઈ મહિડા, કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. મુકેશ ગોયાણી તથા વિવિધ કોર્સના કૉ–ઓર્ડિનેટર અને પ્રાધ્યાપકોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સાત દિવસમાં વિદ્યાર્થીઓએ કરેલા ઉત્કૃષ્ટ કાર્ય બદલ તેમને બેસ્ટ સ્વયંસેવક ભાઈઓ તથા બહેનો કેટેગરીમાં ટ્રોફી તથા સર્ટિફિકેટ કરવામાં આવ્યા હતા. તદુપરાંત દરેક વિદ્યાર્થી ભાઈ બહેનોને સાત દિવસના કેમ્પસના સર્ટિફિકેટ વહેંચણી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ગરબાનો આનંદ લીધો સાંજે શાળામાંથી દરેક સામાન એકઠો કરી કૉલેજ પરત ફર્યા હતા.



## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### Vashant Panchami Celebration

C. N. Kothari Homoeopathic Medical College & Research Center, Vyara Celebrated Vasant Panchami on 03/02/2025 Principal, Teaching, Non Teaching Staff & students worshipped Maa Saraswatiji by flowers & prayer. All staff & students dispersed with sweets. The entire program was co-ordinated by Dr. Dhruni Gavli & Activity committee Members under guidance of Principal Dr. Jyoti Rao.



## અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મિડીયમ કૉલેજ, વેસુ.


### 'સ્વચ્છતા હી સેવા' અભિયાન




વેસુની અગ્રવાલ વિદ્યાવિહાર કૉલેજમાં NSSના સ્વયંસેવકો દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન ઓલ ઇન્ડિયા રેડિયો આકાશવાણી, સુરત સાથે કર્યો હતો. જેમાં NSSના સ્વયં સેવકો દ્વારા આકાશવાણી પરિસરની સફાઈ કરવામાં આવી તેમજ આકાશવાણી સુરત રેડિયોસ્ટેશનની મુલાકાત લીધી અને NSSના સ્વયંસેવકો એ સ્વચ્છતા તેમજ તેનું મહત્વ રજૂ કરી તેનું પ્રસારણ રેડિયોમાં કરવામાં આવ્યું હતું. આ સર્વ કાર્યક્રમનું આયોજન લેફ્ટનન્ટ જીગર ચાવડા અને NSSના પ્રોગ્રામ ઑફિસર વૈશ્વિક કડિયાએ કર્યું હતું. આ ઉત્કૃષ્ટ કાર્ય બદલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાગવી, મુખ્ય સલાહકાર ડૉ. યુ. ટી.દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના તમામ પ્રાધ્યાપકો તરફથી અભિનંદન.

### સ્પોર્ટ્સ ડે ઉજવાયો






સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મિડીયમ કૉલેજ, વેસુ, સુરત ખાતે બે દિવસીય સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વિવિધ રમતોમાં ભાગ લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જેમાં બોક્સ ક્રિકેટ, લેમન એન્ડ સ્પૂન રેસ, સેક રેસ, શટલ રન, રીલે રેસ, વૉલીબોલ, સેવન સ્ટોન જેવી રમતો યોજાઈ હતી. આ ઇવેન્ટ નો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં શારીરિક તંદુરસ્તી સાથે ટીમવર્ક અને સ્પર્ધાત્મક ભાવનાનો વિકાસ થાય તે હતો. આ ઉત્કૃષ્ટ કાર્ય બદલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી, મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના તમામ અધ્યાપકો તરફથી તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને વિજેતાઓને મેડલ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કર્યા હતા.

### માતૃભાષા દિવસની ઉજવણી



સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મિડિયમ કૉલેજે માતૃભાષા દિવસ મોટા ઉત્સાહ સાથે ઉજવ્યો, જેના દ્વારા વિદ્યાર્થીઓમાં તેમના ભાષાકીય વારસા પ્રત્યે ગૌરવ અને જાગૃતિ આવી. કાર્યક્રમો જેવા ઇન્ટરએક્ટિવ કાર્યક્રમ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ વચ્ચે યોજાયો. આ કાર્યક્રમનો ઉદ્દેશ વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિઓ પ્રત્યે કૃતજ્ઞતા વિકસાવવાનો હતો, જે ઓળખ અને જ્ઞાન ઘડવામાં તેમની ભૂમિકા પર ભાર મૂકે છે. આ ઉત્કૃષ્ટ કાર્ય બદલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી, મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજના તમામ પ્રાધ્યાપકો તરફથી વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં ભાગ લેવા બદલ અભિનંદન.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### "મહિલા સશક્તિકરણ સેલ અને NSS યુનિટ દ્વારા ગેસ્ટ લેક્ચરનું આયોજન



પ્રિન્સિપાલ ડૉ . વિનોદ પટેલના માર્ગદર્શન હેઠળ, નવયુગ કોમર્સ કૉલેજના સેન્ટ્રલ હોલમાં મહિલા સશકિતકરણ સેલ અને NSS યુનિટના સંયુક્ત ઉપક્રમે મહિલાઓના આરોગ્ય અને ગાયનેક સમસ્યાઓ પર વિશેષ ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે શેલ્બી હોસ્પીટલમાંથી ગાયનેકોલોજિસ્ટ ડૉ. હિમાની વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિનોદ પટેલે પ્રેરણાત્મક ભાષણ દ્વારા વિદ્યાર્થીઓને આ વિષયની મહત્વતા સમજાવી હતી.

ડૉ. હિમાની વ્યાસે મહિલાઓ માટે આરોગ્ય જાળવણી, માસિક ધર્મની સ્વચ્છતા, હોર્મોનલ બદલાવ, ગર્ભધારણ અને માતૃત્વ દરમિયાનની તકલીફો તેમજ અમુક સામાન્ય પ્રશ્નો જેમ કે, PCOS/PCOD, આર્યનની ઉણપ, અનિયમિત માસિક, યોનિ સંક્રમણ, હોર્મોનલ તકલીફો અને ગર્ભનિરોધક માધ્યમો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. તેમણે મહિલા આરોગ્ય માટે સ્વસ્થ જીવનશૈલી, યોગ્ય આહાર અને નિયમિત તબીબી તપાસના મહત્વ પર પણ ભાર મૂકયો હતો. લેક્ચર પછી છોકરીઓ માટે એક વિશેષ પ્રશ્નોતરી સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં તેઓએ ગાયનેક સંબંધિત પોતાની વ્યકિતગત સમસ્યાઓ નિવારવા માટે સવાલો પૂછયા હતા. ડૉ. હિમાની વ્યાસે તમામ પ્રશ્નોના સરળ અને વિગતવાર જવાબ આપ્યા હતા.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો અને મહિલાઓના આરોગ્ય વિષયક માહિતીઓને લગતી નવી સમજ મેળવી. કૉલેજના NSS પ્રોગ્રામ ઑફિસર્સ અને પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. અંતમાં ડૉ. હિમાની વ્યાસનું નાનકડી સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને આભારવિધિ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના પ્રા. ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા અને ડૉ. રૂચી દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### વાર્ષિક ઇનામ વિતરણ કાર્યક્રમ



સમગ્ર નવસારી જિલ્લામાં ઉચ્ચ શિક્ષણના એક માત્ર પર્યાયસમી લોકચાહના એસ.બી.ગાર્ડા કૉલેજે મેળવી છે. આ કૉલેજમાં દર વર્ષે વિદ્યાર્થીઓને શૈક્ષણિક તથા સહ શૈક્ષણિક સર્વાંગી વિકાસ ક્ષેત્રની સિદ્ધિઓ મેળવવા બદલ અભિવાદન કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૦૮/૦૨/૨૦૨૫ના દિને ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શુભારંભ કુ. જાગૃતિ ઘેવારેએ રજૂ કરેલી પ્રાર્થનાથી કરવામાં આવી. આ કાર્યક્રમની શરૂઆતમાં ગાર્ડા કૉલેજના ડૉ. ધર્મવીર ગુર્જરના દશ વર્ષના કાર્યકાળમાં વિધાપક અભિગમ અને નો પેંન્ડીગ વર્ક પોલિસી અનવ્યે વહીવટી ક્ષેત્રે તથા શૈક્ષણિક ક્ષેત્રે સંપન્ન થયેલા અગણિત કાર્યોનો ચિતાર ડૉ. નેહાબેન હરિયાણીએ આપ્યો હતો. આ પ્રસંગે સ્વાગત પ્રવચન રજૂ કરતા ડૉ. ધર્મવીર ગુર્જરે નમ્રતાપૂર્વક તમામ કાર્યોનો યશ વિશ્વનિયંતા ભગવાનના ચરણે ધર્યો હતો. તેઓએ આ સંસ્થાને શિક્ષણ અને સંસ્કાર ધામ તરીકે પ્રસ્થાપિત કરવા પોતાના કિંમતી સમયનું અને સર્વનો સહકાર મેળવવા નેતૃત્વ પ્રદાન કર્યું હતું. આ સાથે શૈક્ષણિક અને ઇત્તર પ્રવૃતિઓમાં અવ્વલ નંબરે અગ્રેસર રહી સંસ્થા અને નવસારીનું ગૌરવ વધારતા તેજસ્વી તારલાઓનું અભિવાદન ઉપસ્થિત પ્રતિષ્ઠિત મહેમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા ઉદ્યોગપતિ અને ઉદ્યોગ સાહસિક ડૉ. દિનેશભાઈ જોશી, મુખ્યમહેમાનશ્રી મહેશભાઈ પટેલ તથા વિશેષ ઉપસ્થિત ટ્રસ્ટીશ્રી તથા ભારતના લઘુમતિ પંચના ઉપાધ્યક્ષશ્રી કેરસી દેબૂનું કૉલેજ પરિવાર તરફથી અભિવાદન કરવામાં આવ્યું. આ પ્રસંગે પોતાના પ્રવચનમાં ડૉ. દિનેશભાઈ જોશીએ કૉલેજની વિશિષ્ટ પ્રગતીની વિશેષ નોંધ લઈ, ઉદ્યોગ–સાહસિકતા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે શ્રી મહેશભાઈ પટેલે આચાર્યશ્રીના કુશળ અને પ્રગમનશીલ નેતૃત્વની મુકત કંઠે પ્રશંસા કરી, કૉલેજના તમામ કાર્યોમાં સહકાર આપવા માટે વચન આપ્યું હતું. આ તકે ટ્રસ્ટીશ્રી તથા માયનોરીટી કમિશન ઑફ ઇન્ડિયાના ઉપાધ્યક્ષ કેરશી દાબૂએ પણ આ કૉલેજના છેલ્લા દશકાની પ્રગતિનો શ્રેય ડૉ. ધર્મવીર ગુર્જર અને સ્ટાફ પરિવારને આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક, ડીબેટ, NSS, NCC, નિબંધ લેખન, પ્રોજેક્ટ વર્ક જવી વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રથમ ક્રમે વિજેતા તમામ વિદ્યાર્થીઓને ટ્રોફી, શિલ્ડ તથા રોકડ ઇનામો થકી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપાચાર્ય ડૉ. હિતેશભાઈ પટેલે પણ ઇનામો મેળવનાર સર્વ વિદ્યાર્થીઓને ભાવિ સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમ માણવા ગાર્ડા કૉલેજના નિવૃત્ત પ્રાધ્યાપકો વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નેહાબેન હરિયાણીએ કર્યુ હતું. કાર્યક્રમને અંતે સાંસ્કૃતિક વિભાગના અધ્યક્ષા ડૉ. પુનિતાબેન પટેલે આભારદર્શન કર્યું હતું. રાષ્ટ્ર પરત્વે ઋણ અદા કરતા રાષ્ટ્રગીતના ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

નવસારીમાં શિક્ષણ અને સેવાના ધામ તરીકે પ્રસ્થાપિત એસ.બી.ગાર્ડા કૉલેજ ઉત્તરો ઉત્તર પ્રગતિના પંથે પ્રયાણ કરનારી સંસ્થા છે. તા. ૦૮/૦૨/૨૦૨૫ના રોજ વાર્ષિક ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન થયું હતું. કાર્યક્રમનો પ્રારંભ કૉલેજની વિદ્યાર્થીની કુ.જાગૃતિ ઘેવારેની પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના સમારંભના મુખ્ય મહેમાનશ્રી મહેશભાઈ પટેલ,

અતિથિ વિશેષશ્રી દિનેશભાઈ જોષી, સમારંભના અધ્યક્ષશ્રી અને કૉલેજના ટ્રસ્ટીશ્રી કેશરી દેબુ સર તથા મહેમાનશ્રીઓનું સ્વાગત પુષ્પગુચ્છ, સમૃતિભે તથા શાલ અર્પણ કરીને કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને પ્રોત્સાહન પુરૂં પાડયું હતું તેમજ કૉલેજની વિવિધ પ્રવૃતિઓ વિશે માહિતી આપી હતી. તેઓ સતત વિદ્યાર્થીઓ માટે કંઈક ને કંઈક નવી પ્રવૃત્તિઓ કરતા જ રહે છે જેમાં યોગ, અધ્યાત્મન શિક્ષણ સાથે સાથે સર્વાંગી વિકાસમાં ઉપયોગી તમામ પ્રવૃતિઓનું આયોજન થતું રહે છે એનો ચિતાર આપ્યો હતો. એમણે વિદ્યાર્થીના વિકાસની સતત ચિંતા કરી છે અને ભવિષ્યમાં પણ એ માટે તત્પર જ છે એમ જણાવ્યું હતું. સમારંભના મુખ્ય મહેમાનશ્રી મહેશભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓને અનુભવો દ્વારા જીવનલક્ષી મૂલ્યો પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી હતી. આજના અતિથિ વિશેષ શ્રી દિનેશભાઈ જોશીએ પણ વિદ્યાર્થીઓને કૌશલ્ય આધારિત અભ્યાસને મહત્વ આપવાની વાત કરી હતી તથા કૉલેજના ટ્રસ્ટીશ્રી કેરશી દેબૂએ પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં ૬૪ વિદ્યાર્થીઓએ ઇનામ પ્રાપ્ત કર્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નેહા હરિયાણીએ કર્યું હતું તેમજ આભારવિધિ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. પુનિતાબેન પટેલે કરી હતી. સર્વે વિદ્યાર્થીઓને સમગ્ર ગાર્ડા ટ્રસ્ટ પરિવાર અને કૉલેજ પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

## વિદાય તથા શુભેચ્છા સમારોહ કાર્યક્રમ



સંસ્કારી નગરી નવસારીની ઉચ્ચ શિક્ષણક્ષેત્રે નામાંકિત ગાર્ડા કૉલેજમાં અર્થશાસ્ત્ર વિભાગ અને આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે તા. ૧૨/૨/૨૦૨૫ના રોજ બી.એ. સેમે–૬ના વિદ્યાર્થીઓને 'વિદાય તથા શુભેચ્છા સમારોહ' ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની પ્રેરણા અને માર્ગદર્શનથી યોજવામાં આવ્યો. આ સમગ્ર કાર્યક્રમની શુભશરૂઆત બી.એ. સેમ–૬ની વિદ્યાર્થીની કુ. મહિમા ગાવિતની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનમાં વિદ્યાર્થીઓને ગુરુપરંપરા, સંસ્કાર, માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ, આચાર્યદેવો ભવઃ, અતિથિદેવો ભવઃ, જેવી ભારતીય સંસ્કૃતિના મૂલ્યો વિશે સમજ આપી તેમજ વિદ્યાર્થીઓને જીવનમાં તપ અને સાધનાનું મહત્વ સમજાવી ઉદાહરણ સહિત પોતાના વિચારો વ્યકત કર્યા હતા અને વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહી અર્થશાસ્ત્ર વિષયમાં પણ રોજગારીની કેટલી તકો છે તે વિશે જણાવ્યું હતું અને જીવનમાં પરિશ્રમ કરશો તો ચોકકસ સફળતા પ્રાપ્ત કરી શકાશે. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. અરવિંદભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ભારતી પ્રજાપતિ, અંજલી સોનકર, નયન રાઠોડ, દર્પણ કુકણા, શ્વેતા શુકલ એ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વિદાય તથા શુભેચ્છા સમારોહના કાર્યક્રમનું સુચારું સંચાલન અસરફ ખાને તેમજ આભારવિધિ દર્પણ કુકણા દ્વારા કરવામાં આવી હતી.

## મનોવિજ્ઞાન વિભાગના ડીગ્રીયરના વિદ્યાર્થીઓનો વિદાયમાન કાર્યક્રમ



શિક્ષણ અને સંસ્કારની નવસારી નગરીમાં એસ.બી. ગાર્ડા કૉલેજ ઉચ્ચ શિક્ષણ અને વ્યકિતત્વ ઘડતરની દીક્ષા આપતી નામાંકિત સંસ્થા છે. આ કૉલેજના મનોવિજ્ઞાન વિભાગના બી.એ.સેમ.૬ અને એમ.એ. સેમ–૪ના વિદ્યાર્થીઓ માટે એક વિદાયમાન કાર્યક્રમ તા.૧૪/૨/૨૦૨૫ના રોજ રાખવામાં આવ્યો. આ કાર્યક્રમમાં કુ.ટીશા આહિરે પ્રાર્થના કરીને, કાર્યક્રમની મંગળ શરૂઆત કરાવી. આ પ્રસંગે ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ સ્વાગત પ્રવચન રજૂ કર્યું. ત્યારબાદ કેટલાક વિદ્યાર્થી ભાઈ–બહેનોએ પ્રતિનિધિરૂપે પોતાના કૉલેજ જીવન, વર્ગખંડ તથા સહપાઠીઓ સાથેના અનુભવોની અભિવ્યકિત કરી હતી. પોતાના અનુભવો અંગે ટી.વાય.બી.એ.ના શાહીન લાજપોરીયા, આયુષી નાયકા, અવની ટંડેલ, અક્ષય પટેલ, કાજલ લહામગે, વિધિ મૈસુરીયા તેમજ એમ.એ.સેમ–૪ના જાનકી પાનસુરીયા, ફ્રુટી પરદેશી, ઉર્વશી પંચાલ, યામીની પટેલ, જયદીપ સોનાર, સાવન પટેલ વગેરેએ પોતાના કૉલેજ જીવનમાં અનુભવો અભિવ્યકિત કર્યા હતા. તમામ વિદ્યાર્થીઓએ ડૉ. ધર્મવીર ગુર્જરના વર્ગખંડમાં અપાતા સંસ્કારો, વાર્તાઓ તથા વકતવ્ય તાલિમને યાદ કરી, આભાર પ્રગટ કર્યો હતો. સૌએ ડૉ. અશ્વિન શર્મા અને શ્રીમતી તૃષાબેન વશીના કાર્યોને પણ ભાવપૂર્વક યાદ કર્યા

હતા. આ પ્રસંગે ડૉ. અશ્વિનશર્માએ પોતાના વિચારો વ્યકત કરી ભાવિ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના અંતે જેમના વિધાયક અભિગમ અને પ્રેરણા થકી આ કૉલેજને સમગ્ર ગુજરાતમાં નામના મળી છે એવા ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર આર્શિવચન આપતા જણાવ્યું કે, કૉલેજમાં અમે આપેલા સંસ્કારો અને મૂલ્યોની જાળવણી કરી, તમે સૌ તમારા માતા પિતા અને કૉલેજનું નામ રોશન કરજો. તેમણે કહ્યું કે જીવનમાં જ્યારે પણ અમારી જરૂર પડે ત્યારે આ કૉલેજ અને અમે સૌ તમારા માટે ઉપલબ્ધ રહીશું. વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શ્રીમતી તૃષાબેન વશીએ કરી હતી.

## પલસાણા ખાતે લોક જાગૃતિ કાર્યક્રમ




સમગ્ર ગજરાતમાં સૌ પ્રથમ મનોવિજ્ઞાન વિભાગની સ્થાપનાનો ગૌરવવંતો ઇતિહાસ ધરાવતી એસ.બી.ગાર્ડા કૉલેજનો મનોવિજ્ઞાન વિભાગ હંમેશા સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરે છે. આ વિભાગનો લોક જાગૃતિ અભિયાન કાર્યક્રમ ખૂબ જ ફળદાયી રહ્યો છે. તા. ૧૬/૨/૨૦૨૫ના દિને આ કૉલેજના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા સુરત જિલ્લાના પલસાણા ગામે આવો લોક જાગૃતિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની વિશેષતા એ છે કે આ સમગ્ર કાર્યક્રમ સંપૂણપણે વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત અને સંચાલિત હોય છે. આ કાર્યક્રમની શુભ શરૂઆત દિપ પ્રાયટય થકી કરવામાં આવી. મુખ્ય અતિથિ ડૉ. ધર્મવીર ગુર્જર (ઇન્ચાર્જ આચાર્યશ્રી), શ્રી મોહનભાઈ આહિર, શ્રી પ્રવીણભાઈ આહિર, શ્રી કલ્પેશભાઈ આહિર (આચાર્ય, સારવણી વિદ્યાલય), શ્રી સંદીપભાઈ રાઠોડ, શ્રી. તેજશભાઈ દેસાઈ એ દિપ પ્રગટાવી માં સરસ્વતીની વંદના કરી. આ પ્રસંગે વી.કે.પટેલ વિદ્યાલય, સારવણીના આચાર્યશ્રી કલ્પેશભાઈ આહિરે રસપ્રદ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યુ હતું. ત્યારબાદ શ્રી આનંદ નાયકાએ યોગ અને જીવન, સોહેબ પઠાણે જીવન જીવવાની કળા, વિવેક પાંડે એ વિધાયક વિચારોનું મહત્વ, આનંદિતા નાયકે સોશિયલ મીડિયા ના લાભ–ગેરલાભ તેમજ દીપેશ ભરવાડે વિદ્યાર્થી ઘડતરમાં માતાપિતાની ભૂમિકા વિષય પર ખૂબ જ પ્રભાવી વકતવ્યો આપ્યા હતા. આ વકતવ્યનો ઉદ્દેશ સમાજમાં મનોવૈજ્ઞાનિક જાગૃતિ લાવવાનો હતો. આ પ્રસંગે શ્રી સંદીપભાઈ રાઠોડ તથા ડૉ. અશ્વિનશર્મા એ પોતાના વિચારો રજૂ કર્યા હતા. અધ્યક્ષીય ઉદ્દબોધનમાં ડૉ. ધર્મવીર ગુર્જરે વકતવ્ય આપનાર વિદ્યાર્થીઓની મુકત કંઠે પ્રશંસા કરી, આ પ્રવૃત્તિને વધુ વિસ્તાર કરવા અપીલ કરી હતી. ડૉ.ધર્મવીર ગુર્જર વિદ્યાર્થીઓમાં સંસ્કાર, ધાર્મિકતા અને મુલ્યો વધે તથા સ્ટેજનો ડર દૂર થાય તે માટે વર્ગખંડમાં સતત પ્રેરણા, તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડયું છે. આ કાર્યક્રમમાં ગાર્ડા કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન અને આભારવિધિ આનંદિતા નાયકે કરી હતી.

## વાર્ષિક ઇનામ વિતરણ તથા સંસ્કૃતિ કાર્યક્રમ



વિકસીત ભારતનું સ્વપ્ન પૂર્ણ કરવાની શકિત અને જવાબદારી યુવાનો છે. – ડી.સી.પી. વિજયસિંહ ગુર્જર

એસ.બી.ગાર્ડા કૉલેજના વાર્ષિક ઇનામ વિતરણ તથા સંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત સુરતના ડેપ્યુટી કમિશ્નર ઑફ પોલીસશ્રી વિજયસિંહ ગુર્જરે ઉપરોકત અપીલ કરી, કૉલેજના તમામ યુવાનોને પ્રેરણા પૂરી પાડી હતી. કૉલેજના વાર્ષિક ઇનામ વિતરણ અને સંસ્કૃતિક કાર્યક્રમ તા. ૧૮/૦૨/૨૦૨૫ના રોજ કૉલેજના પટાંગણમાં યોજાયો હતો. આ કાર્યક્રમનો મંગળ આરંભ કું. સંગીતા રાજભરે રજૂ કરેલી પ્રાર્થનાથી કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી વિજયસિંહ ગુર્જર, અતિથિ વિશેષશ્રીઓ શ્રીમાન પ્રેમચંદભાઈ લાલવાણી, એસ.બી.ગાર્ડા કૉલેજના સેક્રેટરીશ્રી કેરસી દાબૂ, ટ્રસ્ટીશ્રી જાલ ગાર્ડા વિશેષ ઉપસ્થિતિમાં કૉલેજના વિવિધ સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થી ભાઈ–બહેનોને ઇનામ, ટ્રોફી અને શિલ્ડથી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ઉદ્દઘોષક ડૉ. નેહાબેન હરિયાણીએ છેલ્લા દશ વર્ષમાં આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના અસરકારક નેતૃત્વ અને રચનાત્મક વિચારસરણી થકી સાકાર થયેલા નેત્રદિપક કાર્યોની ઝલક રજૂ કરી હતી. સકારાત્મક અભિગમ દ્રઢ નિશ્ચય અને સંપૂર્ણ સમર્પણભાવ થકી ડૉ. ધર્મવીર ગુર્જરે કૉલેજનું નામ સમગ્ર ગુજરાતમાં રોશન કર્યુ એ બાબતની ઉપસ્થિત સૌ મહેમાનોએ પ્રશંસા કરી હતી. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પોતાના સ્વાગત પ્રવચનમાં કૉલેજ માટે તેઓએ કરેલી સમગ્ર કામગીરી અને કૉલેજની યશગાથા માટે કૉલેજના કુશળ મૅનેજમેન્ટ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક પરિવારનો આભાર વ્યકત કરી, તેમની નમ્રતાનો પરિચય આપ્યો હતો. આ સાથે તેમણે ઉપસ્થિત માનવંતા મહેમાનોના યશસ્વી વ્યકિતત્વને ઉજાગર કરી, સૌને આવકાર આપ્યો હતો, ત્યારબાદ શ્રી વિજયસિંહ ગુર્જરના વરદહસ્તે વિદ્યાર્થીઓને ઇનામ એનાયત કરવામાં આવ્યા. આ

પ્રસંગે પ્રેરક વકતવ્ય આપતા સૌ યુવાનોને પોતાની સંસ્કૃતિક વિરાસત અને પરંપરાગત મૂલ્યો પર ગર્વ કરવાની શીખ આપી. આ સાથે સોશિયલ મિડીયા, વૃદ્ધાશ્રમો, વ્યાયામનો અભાવ જેવી બાબતો પર નવયુવાનોને સોનેરી સલાહ આપી. આ સાથે અતિથિ વિશેષશ્રી પ્રેમચંદભાઈ લાલવાણી, ટ્રસ્ટીશ્રી કેરસી દાબૂ તથા શ્રી જાલ ગાર્ડાના કરકમળો દ્વારા પણ યુવાનોને ટ્રોફી અને શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું. શ્રી પ્રેમચંદ લાલવાણીએ આ કૉલેજની છેલ્લા દસ વર્ષની ઝળહળતી પ્રગતિનો તમામ શ્રેય પ્રેરણાદાયી વ્યકિતત્વ ધરાવતા આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરને આપ્યો. આ પ્રસંગે પોતાના વિચારો વ્યકત કરતા ટ્રસ્ટીશ્રી કેરસી દાબૂએ દાનવીર શેઠશ્રી સોરાબજી ગાર્ડાની સખાવત અને કૉલેજના સંઘર્ષના દિવસોનો ઇતિહાસ રજૂ કર્યો હતો. કૉલેજની વર્તમાન પ્રગતિ માટે તેમણે આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર અને તમામ સ્ટાફના ટીમવર્કની પ્રશંસા કરી, અભિનંદન પાઠવ્યા હતા. કૉલેજના વિદ્યાર્થીઓને ઇનામો અર્પણ કરી ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. પુનિતાબેન પટેલે પણ નવયુવાનોનું અભિવાદન કર્યું હતું. ઇનામ વિતરણ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ગણેશ વંદના, સ્વાગત ગીત, રાજસ્થાની નૃત્ય, લાવણી, ગરબા, યોગાસન, શિવ તાંડવ, તલવાર, કલા, મહાભારત, રઘુકુલ રીતે જેવા સંસ્કૃતિ અને પરંપરાને અનુરૂપ કાર્યક્રમો વિદ્યાર્થીઓએ રજૂ કર્યા હતા. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. પુનિતાબેન પટેલ સાથે અન્ય સભ્યો શ્રી કે.સી.પટેલ, શ્રીમતી તૃષાબેન વશી તેમજ શ્રીમતી બીનાબેન આહિરે ખૂબ જ મહેનત કરી સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો. આ પ્રસંગે નિવૃત્ત સ્ટાફ, ભગીની સંસ્થાઓના આચાર્યો, ઉપાચાર્યો પત્રકારમિત્રો તથા આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુચારુ સંચાલન ડૉ. નેહાબેન હરિયાણીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌ મહેમાનો, સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓનો આભાર ડૉ. પુનિતાબેન પટેલે વ્યકત કર્યો હતો.

## Farewell Functionની ઉજવણી



નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિભાગ તથા આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે તા. ૨૦/૦૨/૨૦૨૫ના રોજ Faerewell Function For T.Y.B.A.નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શુભ શરૂઆત કુ. રિયા પારેખની સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી. આ પ્રસંગે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન આપી વિદ્યાર્થીઓને ભવિષ્ય માટેની શુભેચ્છા આપી હતી. આ કાર્યક્રમમાં એફ.વાય અને એસ.વાય.ના વિદ્યાર્થીઓ ક્રિષા કાનાની, ગઝલા હિંગોરા, જય પટેલ, સાદિક બેહલીમ તથા ક્રિનલ આહિર દ્વારા બી.એ.સેમ.૬ ના વિદ્યાર્થીઓ માટે પોતાના વિચારો રજૂ કરી તેમને શુભેચ્છા પાઠવી તેમજ જાગૃત્તિ ઘેવારે, રિયા કનોજીયા, કોમલ રાઠોડ અને દ્રષ્ટિ પટેલ પોતાની કૉલેજના સારા સ્મરણો યાદ કરી ભાવુક થયા તેમજ બી.એ. સેમ.૨ અને ૪ ના વિદ્યાર્થીઓ માટે ભવિષ્યમાં મદદરૂપ થશે તેવી ભાવના વ્યકત કરી હતી. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી તથા આઈ.કયુ.એ.સેલના કૉ-ઓર્ડિનેટર ડૉ. હિતેશભાઈ પટેલ તથા અંગ્રેજી વિભાગના અધ્યક્ષા ડૉ. રાધાબેન ગૌતમ તથા અંગ્રેજી વિભાગના અધ્યાપિકા ડૉ. નેહાબેન હરિયાણી, એડ્‌હોક અધ્યાપિકા એષા રાઠોડ, વૃષ્ટિ પટેલ અને હિરલ પટેલે હાજરી આપી વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી તેમનો ભવિષ્ય માટેની શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમના અંતે બી.એ.સેમ.૨ અને ૪ ના વિદ્યાર્થીઓએ બી.એ.સેમ.૬ ના વિદ્યાર્થીઓ માટે સારી શુભેચ્છારૂપે ભેટ અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં ૪૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.

## 'માતૃભાષા મહોત્સવ ૨૦૨૫' નિમિત્તે કવિ સંમેલન



નવસારીમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ૮૦ વર્ષથી જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારતી સંસ્થા એસ.બી.ગાર્ડા આર્ટ્સ એન્ડ પી.કે.પટેલ કૉલેજ ઑફ કોમર્સમાં ગુજરાતી વિભાગ અને આઈ.કયુ.એ.સેલ દ્વારા વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તથા જેઝ મ્યુઝિક, નવસારીના સંયુકત ઉપક્રમે કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આમંત્રિત કવિ ડૉ. ધર્મેશ કાપડિયા, કવિ રાકેશ સગર 'સાગર', કવયિત્રી ડૉ. ઝલક પટેલ, સંયોજકશ્રી અંકિતા ત્રિવેદી, કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રીમતી હેતલ નાયક અને

અન્ય અધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કું સંગીતા રાજભરે કરી હતી. પ્રાસંગિક ઉદબોધનમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે માતૃભાષાનો મહિમા દર્શાવતા મા–માતૃભાષામાં થયેલ પરિવર્તનને એમણે લોર્ડ મેકોલે અને 'ગુજલિશ'ના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કર્યું. આ સાથે જ સાત્વિક પ્રેમનો મહિમા કર્યો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો માતૃભાષા સંદેશ વિદ્યાર્થીઓ સમક્ષ ઓડિયો વિડીયોના માધ્યકથી પ્રસ્તુત કર્યો હતો. આ કાર્યક્રમમાં આમંત્રિત કવિ ડૉ. ધર્મેશ કાપડિયા, કવિ રાકેશ સગર 'સાગર', કવયિત્રી ડૉ. ઝલક પટેલ, સંયોજકશ્રી અંકિતા ત્રિવેદીએ પ્રેમનો મહિમા કરતી સ્વરચિત કાવ્ય કૃતિઓ રજૂ કરી હતી. આજના દિવસની ઉજવણી માતૃભાષામાં જ હસ્તાક્ષર કરીને કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રીમતી હેતલ આર. નાયકે કર્યું હતું અને મહેમાનશ્રીનો પરિચય અને આભાર દર્શન ડૉ. આશાબેન પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં ૧૪૫ વિદ્યાર્થીઓએ હાજર રહી સફળ બનાવ્યો.

## નવસારી અને ડાંગ જિલ્લાનો પ્લેસમેન્ટ કેમ્પ યોજાયો



ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ તથા K.C.G.ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨/૦૨/૨૦૨૫ના રોજ નવસારી તથા ડાંગ જિલ્લાની કૉલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિવિધ કંપનીઓ દ્વારા ગાર્ડા કૉલેજમાં પ્લેસમેન્ટ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

ઝોન–૪ નોડ–૩ અને ૭માં નવસારી તથા ડાંગ જિલ્લાની સરકારી તથા ગ્રાન્ટ ઇન એઈડ કૉલેજના છેલ્લા વર્ષમાં વિવિધ શાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગાર્ડા કૉલેજમાં પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન નોડલ ઑફિસર એસ.બી.ગાર્ડા (આર્ટસ) એન્ડ પી.કે.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારીનાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્લેસમેન્ટ કેમ્પની મુલાકાત ગુજરાત સરકારના પ્રતિનિધિ, ઝોનલ ઓફિસર ડૉ. બી.એચ.પરમાર તેમજ સબ ઝોનલ ઓફિસર ડૉ. કે.ડી.પંચાલે મુલાકાત લઈ ગાર્ડા કૉલેજે યોજેલા પ્લેસમેન્ટ કેમ્પની પ્રશંસા કરીને તમામને જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ.

આ પ્લેસમેન્ટ કેમ્પમાં કુલ ૧૮ કંપનીઓએ ભાગ લઈ ૬૯૨ વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યૂ લઈ તેમાંથી ૨૪૫ વિદ્યાર્થીઓનું ફાઈનલ સિલેક્શન કરી તેમને લેટર ઓફ ઇન્ટેન્ટ આપવામાં આવ્યો હતો. આ પ્લેસમેન્ટ કેમ્પને સફળ બનાવવામાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર તેમજ ગાર્ડા કૉલેજના તમામ સ્ટાફનો ખૂબ જ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### 'નાટયકલા સંદર્ભે એક દિવસીય કાર્યશિબિર



તા. ૨૪/૦૨/૨૦૨૪ના રોજ શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં 'નાટયકલા' સંદર્ભે એક દિવસીય કાર્યશિબિર યોજાયો. જેના તજજ્ઞ હતા કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડના અધ્યાપક સહાયક ડૉ. અરૂણભાઈ ટંડેલ પ્રસ્તુત કાર્યશિબિરના આરંભમાં સંસ્થાના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલ દ્વારા તજજ્ઞનો આવકાર પરિચય અને સ્વાગત કરાયું. પ્રસ્તુત કાર્ય શિબિરમાં ડૉ. અરુણભાઈ ટંડેલએ એક પાત્રીય અભિનય, વાર્તા કથન, દિગ્દર્શન, નાટક સ્ક્રીપટ લેખન વિશે સૌદ્ધાંતિક તેમજ પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું. તેમનો દમદાર એક પાત્રીય અભિનય રજૂ કર્યો અને સ્ક્રીપ્ટ લેખન કેવી રીતે થાય તે પણ ફિલ્મો, નાટકોના ઉદાહરણ વડે સમજાવ્યું. સ્ટેજના ભાગો, કલાકારના સંવાદ–હાવભાવ, સંવાદ રજૂઆત દ્વારા વિદ્યાર્થીઓ તરબોળ થયા. અંતે તાલીમાર્થીઓએ તત્કાલીન એક સ્ક્રીપ્ટ રચી અને તેના પર અભિયાન રજૂ કર્યો. આમ, આખા દિવસના કાર્ય શિબિરના અંતે તાલીમાર્થીઓ એ સંપૂર્ણ સંતોષ માની તજજ્ઞશ્રીના પ્રયત્નોને તાલીઓથી વધાવી લીધા. અંતે સંસ્થાના અધ્યાપિકા ડૉ. ગાયત્રીબેન પટેલે આભારવિધિ કરી સમગ્ર કાર્યક્રમના આયોજનમાં ડૉ. નમ્રતાબેન પટેલની ભૂમિકા ખૂબ નિર્ણાયક રહી અને નાટયકળાના એક નવા પાસાને પામ્યાના સંતોષ સાથે પ્રસ્તુત કાર્યશિબિર સંપન્ન થયો.

### '૮૯મી ત્રિમૂર્તિ શિવ જયંતી' અને 'રાટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી

શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા કૉલેજમાં તારીખ: ૨૮/૦૨/૨૦૨૫ને શુક્રવારના રોજ કૉલેજની IQAC સમિતિના ભારતીય સંસ્કૃતિ સર્ટિફિકેટ કોર્સ અંતર્ગત કૉલેજ

અને બ્રહ્મકુમારીઝ ઇશ્વરીય વિશ્વવિદ્યાલય, બીલીમોરાના સંયુકત ઉપક્રમે "૮૯મી ત્રિમૂર્તિ શિવ જયંતી" અને "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ"ની અનોખી અને અર્થસભર ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે કૉલેજના પુર્વ આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયક અને સાથે બ્રહ્મકુમારીઝ ઇશ્વરીયા વિશ્વવિદ્યાલય, બીલીમોરા સેન્ટરના મુખ્ય સંચાલિકા ગુરુદેવીબહેન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભરતભાઈ અમીન અને કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ભુપેન્દ્રભાઈ અમીન હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત ઓમકારનાદ, ગુરુવંદના, પ્રાર્થના દ્વારા થઈ હતી. ત્યારબાદ વિજ્ઞાનને લગતું ગીત, ચંદ્રશેખર વેંકટ રામન વિશે માહિતી તેમજ કિવઝ રજૂ થયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને મહેમાનોનો આવકાર સ્વાગત તથા પરિચય કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલે આપ્યો હતો. મુખ્ય વકતા તરીકે સંસ્થાના પુર્વ આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે પોતાના વ્યકતવ્યમા ભારતના વિવિધ તહેવારો અને તેના આધ્યાત્મિક મહત્વ વિશેની વાતો કરી હતી, તેમાં શિવરાત્રિનું મહત્વ દર્શાવતા કહ્યું કે, શિવ એટલે પરમાત્મા અને શિવની આત્મા એટલે નિરાકાર એટલે શિવલિંગ. ત્યારબાદ આદરણીય ગુરુદેવીબહેને પોતાના વિચારો રજૂ કરતાં કહ્યું કે, અજ્ઞાનરૂપી અંધકારમાં પ્રભુપિતા પરમાત્માનું અવતરણ એટલે શિવરાત્રિ અને આપણા સૌ આત્માના પિતા એટલે પરમપિતા શિવ. તેમજ ધર્મ અને અધ્યાત્મ અલગ છે, અધ્યાત્મ એટલે સ્વનું અધ્યયન કરતો આત્મા' જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં આભારવિધિ પ્રા. ડૉ. ગાયત્રીબેન પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પદાધિકારીશ્રીઓનો સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો.




## સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, દેડિયાપાડા.

### 'સમાજ, સંસ્કૃતિ અને સાહિત્ય' વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન

તા. ૦૩/૦૨/૨૦૨૫ને સોમવારના રોજ સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, દેડિયાપાડા જિ. નર્મદા ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, દેડિયાપાડાના IQAC અને રિસર્ચ સેલના સંયુકત ઉપક્રમે "આદિવાસી : સમાજ, સંસ્કૃતિ અને સાહિત્ય" વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારનો પ્રારંભ કાર્યક્રમના અધ્યક્ષ તથા ઉપસ્થિત અતિથિવિશેષ અને વકતાઓ દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં કૉલેજની વિદ્યાર્થીનીઓએ મા સરસ્વતીની પ્રાર્થના પ્રસ્તુત કરી હતી. સંસ્થાના વડા આચાર્ય શ્રીમતી ડૉ. અનિલાબેન પટેલ દ્વારા સ્વાગત પ્રવચન થકી આગંતુકોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. સેમિનારના આયોજન અને તેની ભૂમિકા વિશે સેમિનારના કૉ-ઓર્ડિનેટર પ્રા. શ્રી અશોકકુમાર દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિશેષ અતિથિ સહિત વકતાઓનો વિસ્તૃત પરિચય આપ્યો હતો.

આ બેઠકમાં સંપાદક-સંશોધક અને સર્જક એવા પ્રખ્યાત ડૉ. ભગવાનદાસ પટેલ દ્વારા "આદિવાસી લોકસાહિત્યના સંશોધન- સંપાદનના પડકારો" વિષય પર ચિંતનલક્ષી વકતવ્ય આપવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સત્રના અધ્યક્ષ બિરસા મુંડા ટ્રાયબલ વિશ્વવિદ્યાલય, રાજપીપળા જિ. નર્મદાના કુલપતિશ્રી પ્રોફે. (ડૉ). મધુકર પાડવી દ્વારા વર્તમાન પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને આદિવાસી સમાજ, સંસ્કૃતિ અને સાહિત્ય વિશે માહિતી આપી સેમિનારના આયોજન માટે સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર ઉદ્ઘાટન સત્રનું સંચાલન ગુજરાતી વિભાગના પ્રા. ડૉ. ધર્મેશભાઈ વણકર દ્વારા કરવામાં આવ્યું હતું. જેની આભારવિધિ પ્રા. ગૌરવકુમાર ગોયલ દ્વારા કરવામાં આવી હતી. પ્રથમ સત્રમાં ગુજરાત વિશ્વવિદ્યાલય, અમદાવાદના ઇતિહાસ વિભાગના પ્રોફેસર વકતાશ્રી ડૉ. અરુણ વાઘેલા દ્વારા "ભારતના આદિવાસીઓનો સંસ્કૃતિક વારસો" વિષય પર વિગતવાર અને જ્ઞાનસભર માહિતી આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ સત્રમાં એમ.એલ.એસ.યુ. ઉદેપુર રાજસ્થાનના ઇતિહાસ વિભાગના મદદનીશ પ્રાધ્યાપક વકતાશ્રી ડૉ. મનીષ શ્રીમાળી દ્વારા "ભારતીય આદિવાસી સમાજઃ વર્તમાન પરિપ્રેક્ષ્યમાં" વિષયને ધ્યાનમાં રાખીને વર્તમાન આદિવાસી સમાજની પરિસ્થિતિનો સુપેરે પરિચય આપ્યો હતો. વર્તમાન સમયમાં બદલાતાં જતાં પ્રવાહોમાં આદિવાસી સંસ્કૃતિએ પોતાને અક્ષુણ્ણ ટકાવી રાખવા જે પ્રયત્નો કરે છે તે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. "દક્ષિણ ગુજરાતનું આદિવાસી લોકસાહિત્ય" વિષય પર સંશોધક અને સર્જક શ્રી ડાહ્યાભાઈ વાઢુ દ્વારા વિસ્તૃત માહિતી સભર જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. તેમણે દક્ષિણ ગુજરાતના આદિવાસી લોકસાહિત્યો વિસ્તારથી પરિચય આપ્યો હતો. આ પ્રથમ બેઠકનું સમગ્ર સંચાલન સંસ્કૃત વિભાગના પ્રા. ડૉ. રીતેશકુમાર પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. જે સત્રની આભારવિધિ અર્થશાસ્ત્ર વિભાગના પ્રા. ડૉ. ચનાભાઈ ટાલીયા દ્વારા કરવામાં આવી હતી.

બીજી બેઠકનો પ્રારંભ બપોરના ભોજન બાદ કરવામાં આવ્યો હતો. આ બેઠક દરમિયાન ઉપસ્થિત રહેલા પ્રાધ્યાપકો તથા સંશોધનાર્થીઓના શોધપત્ર વાંચન અંગેની રહી હતી. જેમાં શોધપત્ર વાંચન માટે જૂથ પાડવામાં આવ્યા હતા. જેમાં ઓનલાઈન જોડાયેલા તથા વિવિધ કૉલેજમાંથી ઉપસ્થિત

રહેલ અધ્યાપકો તથા સંશોધનાર્થીઓ દ્વારા શોધપત્રોનું વાંચન કરવામાં આવ્યું હતું. આ બેઠકનું સંચાલન ગ્રંથપાલશ્રી સંજયભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેની આભારવિધિ રસાયણશાસ્ત્ર વિભાગના પ્રા. સંદીપભાઈ ગાઈન દ્વારા કરવામાં આવી હતી.

અંતિમ આભારોત્સવની બેઠકનું સંચાલન ગણિતશાસ્ત્રના પ્રા. જીજ્ઞેશકુમાર શિંગોડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સત્રમાં ઉપસ્થિત સંશોધકોના પ્રતિભાવ લેવામાં આવ્યા હતા. જેમાં સેમિનારના સંયોજક શ્રી અશોકભાઈ દ્વારા સમગ્ર સેમિનારના સંદર્ભે સહયોગી થયેલા અને ઉપસ્થિત રહેલા મહાનુભાવોનો તથા ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરનો તથા તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સત્રમાં મંચસ્થ મહાનુભાવોના હસ્તે ઉપસ્થિત પ્રાધ્યાપકો અને સંશોધનાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા. અંતે કાર્યક્રમની પૂર્ણાહૂતિ રાષ્ટ્રગાન કરીને કરવામાં આવી હતી.





**મહાજન અનાથ બાળાશ્રમ કોમર્સ કૉલેજ, કતારગામ.**

**આરોહણ કાર્યક્રમનું આયોજન**

મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ, બી.બી.એ કૉલેજમાં આરોહણ કાર્યક્રમ તા. ૦૫/૦૨/૨૦૨૫ ના રોજ રાખવામાં આવેલ હતુ. જેમાં પોસ્ટર મેકિંગ, બૂક રિવ્યૂ, મિનટ ટુ વિન ઇટ, રંગોળી, મહેંદી, રીલ મેકિંગ, બ્રેઈન ટાઈમ, મ્યુજિક મસ્તી કુલ ૦૮ સ્પર્ધા રાખવામાં આવી હતી. તેમાં કુલ ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિપદે ઉપપ્રમુખ જેસમીનબહેન મહેતા, સેક્રેટરી શ્રી અશ્વિન પટેલ, લાપસીવાળા સર, ટ્રસ્ટીશ્રી સ્નેહાબેન જરીવાલા તથા અમરોલી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજના ડૉ. મુકેશ ગોયાણી મુખ્ય મહેમાન તરીકે હાજર રહી તેમજ આરોહણ ની રીબીન કટ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કાર્ય હતા. આ સ્પર્ધામાં વિવિધ નિર્ણાયકો સ્પર્ધામાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ સ્પર્ધાના વિજેતા તરીકે પ્રથમ ક્રમાંકે, બીજા ક્રમાંકે અને ત્રીજા ક્રમાંકે ટીમ વિજેતા જાહેર થયા હતા. તેમને ટ્રોફીથી અને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન કૉલેજના અધ્યાપકગણ તેમજ વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા પ્રો.વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



**શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ, વ્યારા.**

**સન્માન – અભિવાદન કાર્યક્રમ**

શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ, વ્યારાના આઈ.કયુ.એસ.સી સેલના ઉપક્રમે વિશિષ્ટ સિદ્ધિઓ મેળવનાર માટે સન્માન–અભિવાદન કાર્યક્રમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત કૉલેજની વિદ્યાર્થીનીઓની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવસિયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા સમજાવી કૉલેજની પ્રગતિ અને સફળતાનો યશ કૉલેજ સંચાલક મંડળ, કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓના ફાળે જાય છે તથા જીવનમાં આગળ વધવા માટે દરેક સ્વમુલ્યાંકન કરવું જોઈએ એમ જણાવી આપણા વિશ્વવિદ્યાલયે છેલ્લા વર્ષોમાં જે નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમાં કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા નું ખૂબ મોટુ યોગદાન રહ્યું છે એમ જણાવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે પુનઃકુલપતિના પદે બિરાજમાન ડૉ. કિશોરસિંહ ચાવડાનું કૉલેજ સંચાલક મંડળના વરદહસ્તે સન્માનપત્ર અર્પણ કરી શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી તથા સંચાલક મંડળના વરદહસ્તે એફ.આઈ.એસ.યુ.વર્લ્ડ વિશ્વવિદ્યાલય ચેમ્પિયનશીપ શુટિંગ – ન્યુ દિલ્હી તા.૦૯/૧૧/૨૦૨૪ થી ૧૩/૧૧/૨૦૨૪ સ્પર્ધામાં ભાગ લઈ મેડલ મેળવનાર આપણી કૉલેજના વિદ્યાર્થી સ્મિત મોરડિયા અને તેમના માતા–પિતાનું સન્માન કરી ગૌરવપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. વિવિધ વિષયો પૈકી વિશ્વવિદ્યાલય

કક્ષાએ ગુજરાતી વિષયમાં બોર્ડના ચેરમેન તરીકે નિયુકત થનાર પ્રા. વી.એચ.ગામીત, સમાજશાસ્ત્ર વિષયમાં બોર્ડના ચેરમેન તરીકે નિયુકત થનાર ડૉ. ભાવનાબેન બેન્દ્રે તથા વિવિધ વિષયના બોર્ડમાં સભ્ય તરીકે પસંદગી પામનાર પ્રા. એસ.જી.કોસાડા, પ્રા.શ્રીમતી બી.ડી.શાહ, ડૉ. એ.બી. નાયક તથા ડૉ. ડી.સી.પંડયાનું આ પ્રસંગે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કૉલેજના અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ઇતિહાસ વિષયમાં પીએચડીની પદવી મેળવનાર વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શકશ્રીઓનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું. કૉલેજમાં નવનિયુકત અધ્યાપિકા ડૉ. ક્રિષ્ના લાખાણીને આવકાર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવિધ રમતોમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ કૉલેજને ગૌરવ અપાવનાર રમતવીરોને પણ બિરદાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. એમ.એચ.વાઢેળ અને પ્રા. એસ.જી.કોલડાએ અનુક્રમે સન્માનપત્ર અને ગૌરવપત્રનું વાંચન કર્યુ હતું.

સમારંભના અધ્યક્ષ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડો ગ્રામ્ય વિસ્તારમાં આવેલી વ્યારા કૉલેજ શિક્ષણ, રમતગમત અને ઇત્તર પ્રવૃત્તિમાં દિવસે દિવસે ખૂબ આગળ વધી રહી છે તે માટે સંચાલક મંડળ, કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓની મહેનતના ફાળે જાય છે એમ જણાવી એફ.આઈ.એસ.યુ. વર્લ્ડ વિશ્વવિદ્યાલય ચેમ્પિયનશીપ શુટિંગમાં ટીમ સાથે ગોલ્ડ મેડલ અને વ્યકિતગત રીતે સીલ્વર મેડળ મેળવી કૉલેજને ગૌરવવંત કરાવનાર એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થી સ્મિત મોરડિયાનું અને તેમના માતા–પિતાનું શબ્દોથી અભિવાદન કરી સર્વેને આહવાન કર્યું હતું કે દક્ષિણ ગુજરાતની આ પટ્ટીમાં ખૂબ પ્રતિભાશાળી ૬ થી ૧૨ વર્ષના બાળકો પાસે વિવિધ કૌશલ્ય પડેલા છે તેવા બાળકોની શોધ કરી તેમને આગળ આવવા માટે જરૂરી માર્ગદર્શન આપવા જણાવી NCCના વિદ્યાર્થીઓને દેશની ૩ પાંખમાંથી કોઈ એક પાંખમાં જોડાવાની અપીલ કરી હતી. સંચાલક મંડળના પ્રમુખશ્રી હસુભાઈ ભકતે કૉલેજને ગૌરવ અપાવનાર સર્વેની પ્રશંસા કરી વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા આપણા વિસ્તારના અને 'ગ્રાસરૂટ લેવલ'ના શિક્ષણવિદ છે તેથી તેઓ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, વિવિધ કર્મચારીઓ અને સંચાલક મંડળને પણ બરાબર સમજી શકે છે એમ જણાવી તેમને ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ગીતાબેન પટેલ અને ડૉ. હીનાબેન પટેલે કર્યુ હતું. કાર્યક્રમની આભારવિધિ ઉપાચાર્યશ્રી વસંતભાઈ ગામીતે કરી હતી.







## શ્રી રંગ નવચેતન મહિલા આટ્ર્સ કૉલેજ, વાલીયા.

### સાત દિવસીય ખાસ શિબિરનું ભીલોડ ખાતે આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આટ્ર્સ કૉલેજ, વાલીયા એન.એસ.એસ.ની વાર્ષિક શિબિરનું આયોજન ભીલોડ ગામ (તા–વાલીઆ) એન.એસ.એસ.ની વાર્ષિક શિબિરનું આયોજન ભીલોડ ગામ(તા–વાલીઆ) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. સાત દિવસિય આ શિબિર દરમ્યાન સાયબર સિકયુરિટી, કિશોરાવસ્થાની સમસ્યાઓ, બાળકો અને વૃદ્ધોને સરકાર તરફથી મળતી સહાય, કાનૂની જોગવાઈ, સ્વચ્છતા અભિયાન, સમૂહ ભાવના, યોગ અંગેની જાણકારી, પ્રાકૃતિક તેમજ ગૌ આધારિત ખેતી, મેડીટેશન, સ્ત્રીરોગ અંગેની જાણકારી મતદાન જાગૃતિ અંગે વ્યાખ્યાન તેમજ રેલી, ગામ લોકોના આર્થિક પરિસ્થિતિ અંગે સર્વે, વૃક્ષારોપણ જેવી અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં આ વાર્ષિક શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓ ખૂબજ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ વાર્ષિક શિબિરનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. દિનેશસિંહ જી. રાજ, ડૉ. શર્મિલાબેન એસ. પટેલ તથા પ્રા. ડૉ. રોશનકુમાર એન. ગામિત દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા.







## Innovation DIY KIT Phase-2 Traning




શ્રી રંગ નવચેતન મહિલા કૉલેજ ,વાલીયા ખાતે Innovation DIY KIT Phase-2 Traningનું આયોજન તા. ૦૭/૦૨/૨૦૨૫ અને તા. ૦૮/૦૨/૨૦૨૫ રોજ કરવામાં આવ્યું. ઇનોવેશન કલબ Phase-2ની તાલીમમાં મુખ્ય Basic electronics kit, Advanced Electronic Kit તથા mechanical kit, ટેલિસ્કોપ અંગે વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પ્રેકટીકલ સાથે આપવામાં આવ્યું. અત્રેની કૉલેજના સેમેસ્ટર–૨, ૪ અને ૫ના કુલ ૩૨ વિદ્યાર્થીઓની તાલીમમાં ભાગ લીધો. કૉલેજના ઇન્ચાર્જ પ્રિ. ડૉ. નિયતિબેન ભટ્ટના પ્રેરણાત્મક ઉદબોધન દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ માટે પ્રોત્સાહિત કર્યા. ઇનોવેશનના કૉ–ઓર્ડિનેટર એસો. પ્રો. અનિતા વાઘ તથા ડૉ. દિનેશ રાજ દ્વારા સમગ્ર તાલીમની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી. જીજ્ઞાશાવૃતિ અને કંઈક નવું શીખવાની તાલાવેલી સાથે વિદ્યાર્થીઓ તાલીમમાં ઉત્સાહભેર જોડાયા.વિદ્યાર્થીઓને તાલીમની સાથે તેમના મનમાં મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે તાલીમ આપનાર શ્રી પ્રતિક સિંગ સતત તત્પર રહી. ટૅકનૉલૉજીના સમયમાં આ પ્રોયોગિક કાર્ય દ્વારા પોતાનામાં રહેલી કુશળતા બતાવવાનો સફળ પ્રયાસ કર્યો.

## વિશ્વમાતૃભાષા દિવસની ઉજવણી



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા ખાતે ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતીબેનના માર્ગદર્શન હેઠળ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે, કલા કૌશલ્ય ધારા અંતર્ગત પોસ્ટર સ્પર્ધાનું આયોજન તા. ૨૧/૨/૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું. કૉલેજના કલા કૌશલ્ય ધારાના અધ્યક્ષ પ્રા. ભાવનાબેને આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જેમાં ૧૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે ડૉ. કુસુમબેન પટેલ અને ડૉ. શર્મિલાબેન પટેલે સેવા આપી હતી. કાર્યક્રમની આભારવિધિ પ્રા. નિમિષાબેન કરી હતી. સ્પર્ધામાં પ્રથમ ક્રમે તનુજાબેન વસાવા, દ્વિતીય ક્રમે ધમિષ્ઠાબેન વસાવા તથા તૃતીય ક્રમે ભીલ મનિતાબેન આવ્યા હતા.

## બજેટ રજૂઆતનું જીવંત પ્રસારણ જોવા માટેનો કાર્યક્રમ



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ (વાલીઆ)ના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બજેટ રજૂઆતના જીવંત પ્રસારણ જોવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિબેન ભટ્ટ, પ્રા. ડૉ. કુસુમબેન પટેલ, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન પઠાણ તથા વિદ્યાર્થીઓએ બજેટ રજૂઆતના જીવંત પ્રસારણ દ્વારા બજેટમાં ખેતીક્ષેત્રે, ઔદ્યોગિકક્ષેત્ર, માળખાકીય સુવિધાઓ, શિક્ષણ, સ્વાસ્થય, વિદેશ વેપાર, કરમાળખું વગેરેની ફાળવણી અંગેની માહિતી મેળવી હતી.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-02-2025 to 28-02-2025

| Detail | Description | Feb. -2025 | |
|---|---|---|---|
| User | Visitors | 3385 | |
| | Internet Lab User | 64 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 19 | |
| | Research Scholars | 7 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 4 | |
| | Online User | - | |
| | Total | | 3479 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| February-2025 | 586 | 652 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | February-2025 | 15 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | February-2025 | 16 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | February-2025 | 17 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in